# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ : તૃતીયખંડ

## પ્રશ્નપત્ર-૨

**સમય : બપોરે ૨ થી ૫** **રવિવાર, ૧૩ જુલાઈ, ૨૦૦૮** **કુલ ગુણ : ૧૦૦**

**(વિભાગ : ૧ 'સ્વામિનારાયણ વેદાંત પરિચય' દ્વિતીય આવૃત્તિ, જુલાઈ, ૧૯૯૪ ને આધારે)**

**પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષે વિસ્તૃત માહિતી લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર વચનામૃતના અવતરણ લખેલા હોવા જોઈએ.**

૧. **પરબ્રહ્મ અને અવતારવાદ (૩૧ થી ૩૮) અનુપ્રવેશથી અવતારો :-** **(૧)** સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) **(૨)** આ વાત સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : અક્ષરધામના પ્રકાશને વિષે જે ભગવાનની મૂર્તિ છે તેને આત્માનું તત્ત્વ કહીએ તથા પરબ્રહ્મ કહીએ તથા પુરુષોત્તમ કહીએ. તે જ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે કરીને પોતાની ઈચ્છાએ જીવોના કલ્યાણને અર્થે યુગ યુગને વિષે પ્રગટ થાય છે. તે ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી, ને અક્ષરધામના પતિ છે. (ગ.મ. ૧૩) **(૩)** સર્વ અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) **(૪)** તે એ અવતાર ક્યારે થાય છે એ સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : બ્રહ્માંડ બ્રહ્માંડના જે બ્રહ્મા, વિષ્ણુ ને શિવ તે ભગવાનની પ્રાર્થના કરે છે જે, 'હે મહારાજ ! તમે અમને દયા કરીને દર્શન દ્યો અને અમારા બ્રહ્માંડમાં પધારો.' ત્યારે એ જે ભગવાન તે બ્રહ્માંડમાં દેહનું ધારણ કરે છે, તે જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા દેહનું ધારણ કરે છે ને તેવી રીતે જ વર્તે છે. જો દેવમાં દેહ ધારણ કરે છે તો દેવના જેવી જ ચેષ્ટા કરે છે તથા પશુના દેહનું ધારણ કરે છે ત્યારે તે પશુની પેઠે જ વર્તે છે.....અને એ ભગવાન મનુષ્યના દેહને ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવી જ ક્રિયા કરે છે. (પંચાળા -૪) **(૫)** (અને તે) ભગવાન પોતાના દિવ્યભાવનો સંકોચ કરીને પોતાના ભક્તને પોતામાં હેત થાય તે સારુ માણસ જેવા જ ભગવાન થાય છે પણ દિવ્યભાવ જણાવતા નથી... પોતાનો દિવ્યભાવ છે તેને છુપાવી રાખવો તે ઉપર જ (ભગવાનની) પોતાની દૃષ્ટિ રહે છે, અને તે છુપાવતે છુપાવતે કદાચિત્ પોતે કોઈક કાર્યમાં ઉતાવળા થઈ જાય છે, ત્યારે દિવ્યભાવ જણાઈ આવે છે. અને ક્યારેક પોતે પોતાની ઈચ્છાએ કરીને પણ પોતાના કોઈ ભક્તને જણાવે છે. (પંચાળા-૪) **(૬)** ટૂંકમાં પોતાનું ઐશ્વર્ય અને તેજ તેને પોતામાં સમાવીને મનુષ્ય જેવા થાય છે. (ગ.પ્ર. ૬૩) **(૭)** વૈરાજપુરુષ દ્વારાએ (ભગવાનના) અવતાર થાય છે, એમ શાસ્ત્રમાં કહ્યું છે, તે તો એમ સમજવું જે, એ જે (અક્ષરાતીત પુરુષોત્તમ એવા જે) વાસુદેવ નારાયણ તે પુરુષરૂપે (અક્ષરાત્મક મૂળપુરુષ/મહાપુરુષરૂપે) કરીને વૈરાજપુરુષને વિષે આવીને વિરાજમાન હોય, ત્યારે અવતાર કહ્યા છે. માટે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે. અને એ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે એ વૈરાજપુરુષ થકી નોંખા પડી જાય, ત્યારે એ કેવળ વૈરાજપુરુષ થકી અવતાર સંભવે જ નહીં. (ગ.મ. ૩૧) **(૮)** કારણ કે, ભગવાન પોતાની મૂર્તિને જ્યાં જેટલી દેખાડવી જોઈએ ત્યાં તેવી પોતાની ઈચ્છાએ કરીને દેખાડે છે અને જ્યાં જેટલો પ્રકાશ કરવો ઘટે ત્યાં તેટલો પ્રકાશ કરે છે. (લો. ૪) **(૯)** ટૂંકમાં, અંશાવતાર, આવેશાવતાર, કળાવતાર ઈત્યાદિ પ્રકારે જે અવતારો છે, તે સર્વે વૈરાજપુરુષમાંથી (અર્થાત્ ઈશ્વરકોટિના ચૈતન્યમાં, મૂળપુરુષદ્વારાએ કરીને) પુરુષોત્તમ ભગવાનના તત્-તત્કાળ પૂરતાં તત્-તત્ પ્રકારના અંતર્યામીશક્તિ દ્વારા અનુપ્રવેશથી થાય છે. (પંચા. ૭) **(૧૦)** અને જેને વિષે એ પુરુષોત્તમ ભગવાનનો પ્રવેશ થાય છે. તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાંખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન થકા રહે છે. અને જેને વિષે પોતે વિરાજમાન રહે છે તેના પ્રકાશને પોતે ઢાંકીને પોતાનો પ્રકાશ પ્રકટ કરે છે..... અને જે કાર્યને અર્થે પોતે જેમાં પ્રવેશ કર્યો હતો, તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નોંખા નીસરી જાય છે ત્યારે તો તે પંડે જે હોય તેવો રહે છે. (પંચા. ૭) **(૧૧)** એ ભગવાનની જન્મ અને દેહે મૂક્યાની રીતિ તો અલૌકિક છે. (ગ.મ. ૧૩) **(૧૨)** જે કાર્ય નિમિત્તે જે દેહનું ધારણ કર્યું હોય તે કાર્ય થઈ રહે, ત્યારે તે દેહનો ત્યાગ કરે છે. (લો. ૧૮) **(૧૩)** પરંતુ પૃથ્વી પર પ્રાકૃત દેહ ધરવા છતાં, ભગવાન જે જે તત્ત્વોનો અંગીકાર કરે છે તે તત્ત્વો બ્રહ્મરૂપ છે. નિર્ગુણ થઈ જાય છે. પોતે સદા માયાથી નિર્લેપ રહે છે. (ગ.મ. ૧૩) **(૧૪)** અને તે પરબ્રહ્મ ભગવાનનું મૂળ સ્વરૂપ સદા દ્વિભુજ, દ્વિચરણયુક્ત, મનુષ્યાકૃતિ પરંતુ દિવ્ય છે. તો પણ પોતાની ઈચ્છાએ કરીને ક્યારેક ચતુર્ભુજ, અષ્ટભુજ, અનંતભુજ યુક્ત સ્વરૂપ દેખાડે છે, તથા મત્સ્ય, કચ્છ, વારાહ આદિક રૂપે ભાસે છે. એવી રીતે જ્યાં ઘટે જેવું તેવું રૂપ પ્રકાશે છે; પરંતુ પોતે તો સદા એકરૂપે જ વિરાજમાન રહે છે. (લો.૪, લો.૧૮, પંચા.૪)

**સર્વાવતારીનું પ્રાકટ્ય :-** **(૧)** પરંતુ જ્યારે સર્વાવતારી પરબ્રહ્મ-પુરુષોત્તમ ભગવાન પોતે જ પૃથ્વી પર પ્રગટ થાય છે, ત્યારે તેમની પ્રગટ થવાની રીત તો અવતારોના અવતરણ કરતાં તદ્દન જુદી છે. સર્વાવતારીના પ્રાકટ્યની રીત સમજાવતાં શ્રીજીમહારાજ કહે છે : ''અક્ષરાતીત અને મનવાણીથી પર અને અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, ''જ્ઞાની-અજ્ઞાની એવા જે મૃત્યુ લોકના મનુષ્ય તે સર્વે મને દેખો' એમ ધારીને સત્યસંકલ્પ એવા જે ભગવાન તે કૃપાએ કરીને મૃત્યુલોકના સર્વે મનુષ્ય દેખે એવા થાય છે. (ગ.પ્ર. ૭૮) **(૨)** અર્થાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રગટ થાય છે .... અને ભગવાન (પરબ્રહ્મ-પુરુષોત્તમ) જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું જે અક્ષરધામ (મૂર્તિમાન અક્ષરબ્રહ્મ) અને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ (મુક્તો) અને પોતાનાં જે સર્વે ઐશ્વર્યે તે સહિત જ પધારે છે...... માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી. (ગ.પ્ર. ૭૧) **(૩)** પરબ્રહ્મ-પુરુષોત્તમ ભગવાન સદાય પોતાના દિવ્ય અક્ષરધામમાં એકરૂપે વિરાજમાન હોય છે. પરંતુ પોતાનું અગાધ ઐશ્વર્ય અને તેજ તેને પોતામાં સમાવીને મનુષ્ય જેવા થાય છે. (ગ.પ્ર. ૬૩) **(૪)** અને એ ભગવાન મનુષ્ય દેહને ધારણ કરે છે, ત્યારે મનુષ્યના જેવી ક્રિયા કરે છે. (પં. ૪) **(૫)** પોતાની ઈચ્છાએ કરીને જીવના કલ્યાણને અર્થે જન્મ ધરે છે, ને જન્મને ધારણ કરતાં થકા પણ અજન્મા છે. ને દેહને મૂકતા થકા પણ અજર અમર છે. ને નિરંજન છે કહેતાં માયાના અંજને કરીને રહિત છે..... (તેમનું) મનુષ્યદેહને જે ધરવું ને મૂકવું તે તો નટની (માયાની) પેઠે ઈન્દ્રજાલ સરખું છે. (અમ. ૪) **(૬)** છતાં એ ભગવાનની જન્મ ધર્યાની અને દેહ મૂક્યાની રીતિ તો અલૌકિક છે. અને પૃથ્વી પર દેહ ધરવા છતાં જે જે તત્ત્વને ભગવાન અંગીકાર કરે છે તે તત્ત્વ બ્રહ્મરૂપ અને નિર્ગુણ થઈ જાય છે, અને પોતે તો સદા માયાથી નિર્લેપ અને અસંગી રહે છે. (ગ.મ. ૧૩) (૭) ટૂંકમાં ધામમાં રહ્યા થકા અહીં પૃથ્વી પર તથા અનંતકોટિ બ્રહ્માંડને વિષે જ્યાં પણ પોતાને સ્વેચ્છાથી પ્રકટ થવું હોય ત્યાં પોતાના ભક્તને અર્થે અનંતરૂપે દેખાય છે. (લો. ૪ને આધારે) **(૮)** અને તેથી જ ભગવાન આ લોકને વિષે મનુષ્ય જેવા જણાય છે તો પણ મનુષ્ય જેવા નથી. (ગ.મ. ૧૩) (૯) એટલું જ નહીં, પરંતુ તેજોમય જે ભગવાનનું અક્ષરધામ તેને વિષે રહી જે ભગવાનની આકૃતિ (મૂર્તિ) અને પ્રકટ પ્રમાણ સર્વેને દૃષ્ટિ ગોચર પ્રત્યક્ષ મૂર્તિ વચ્ચે અધિકપણે સાદૃશ્યપણું છે. જેવી અક્ષરધામમાં રહેલી પુરુષોત્તમની મૂર્તિ દિવ્ય છે એવી જ નયનગોચર પ્રત્યક્ષમૂર્તિ પણ દિવ્ય છે. (ગ.અં. ૩૧) **(૧૦)** એવા જે એ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈપણ ભેદ નથી. એ બે એક જ છે. (ગ.અં. ૩૮) **(૧૧)** સમપણે દિવ્ય છે. પરંતુ ભગવાન સ્થૂળભાવને ધારણ કરીને દેહધારી જેવા થાય છે અને તે પોતાના ભક્તને લાડ લડાવે છે અને પોતાની સામર્થીને છુપાડીને તે ભક્ત સંગાથે પુત્રભાવે, સખાભાવે, મિત્રભાવે ઈત્યાદિકભાવે વર્તે છે. (કારિ. ૫)

**અવતારીનું પ્રાકટય-પ્રયોજન :** **(૧)** સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણના પ્રાકટ્યનું મુખ્ય પ્રયોજન પોતાના જે પ્રેમી ભક્ત તેના મનોરથ પૂરા કરવા અને તે ભક્તની ઈચ્છા હોય તેવી રીતે લાડ લડાવવા, (કારિ.૫) **(૨)** એકાંતિક ભક્તને દર્શન દેવાં ને તેમની રક્ષા કરવી, (ગ.મ. ૧૯) (૩) ભક્તના ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિની રક્ષા કરવી,(વર.૧૩) **(૪)**પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ (એકાંતિક ધર્મ) તે પ્રવર્તાવવાને અર્થે થાય છે. (ગ.મ. ૪૬) **(૫)** અવિદ્યારૂપ જે માયા તેનો નાશ કરવો અને જીવોને બ્રહ્મરૂપ કરવા. (શ્રીજીના પ્રસાદીના પત્રો) એ પણ મુખ્ય પ્રયોજન છે. તે ભેળું (મુખ્ય પ્રયોજન ભેળું અન્ય પ્રયોજન) અસંખ્ય જીવનું કલ્યાણ કરવું, ધર્મનું સ્થાપન કરવું. (કારિ. ૫) અધર્મનો ઉચ્છેદ કરવો, (ગમ.મ ૧૯) એ હેતુ પણ હોય છે.

**સ્વમુખે સર્વાવતારીપણાની ઓળખ :-** સ્વ-સ્વરૂપનું સર્વોપરિપણું કૃપાએ કરીને શ્રીજીમહારાજ આ રીતે સમજાવે છે : **(૧)** આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થાય છે. અને પોતે તો અવતારી છે. ને એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે, ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે. (અમ. ૬) **(૨)** માટે, ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, સર્વોપરિ ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે. (ગ.મ. ૯) **(૩)** જે તેજને વિષે (અક્ષરધામને વિષે) મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો. (ગ.મ. ૧૩) **(૪)** અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રકટ થાય છે અને પાછા પુરુષોત્તમ વિષે લીન થાય છે. (ગ.મ. ૧૩) **(૫)** માટે, સર્વ થકી પર એવું જે પુરુષોત્તમનું ધામ ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું...... સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગૌલોક અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું ? તો, મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે. (અમ. ૭) **(૬)** અને એવા સર્વોપરિ જે પુરુષોત્તમ ભગવાન તે જે દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વેજનના નયનગોચર વર્તે છે. અને તમારા ઈષ્ટદેવ છે. ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના

સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે. ને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વે કારણના પણ કારણ છે, ને સર્વોપરિ વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે ઉપાસના કરવા યોગ્ય છે. (ગ.અં. ૩૮)

**૨.શરીર-શરીરી સંબંધ (૨૧ થી ૨૫):- (૧)** પરબ્રહ્મ સર્વોચ્ચ આધ્યાત્મિક તત્ત્વ છે. તે એક અને અદ્વિતીય છે. તેમના તુલ્ય કોઈ છે નહિ, તેમ જ તે જેવો થવાને કોઈ સમર્થ નથી. ''એ નારાયણ જેવા તો એક નારાયણ જ છે.'' (લો. ૧૩) **(૨)** પરબ્રહ્મ જ પરમેશ્વર પરમાત્મા પૂર્ણ પુરુષોત્તમ છે. તે એક જ સર્વોપરિ, સર્વતંત્ર-સ્વતંત્ર અને સર્વ કારણના કારણ છે. પરબ્રહ્મ સદા સાકાર, સદા સગુણ, સર્વજ્ઞ, સર્વકર્તા, દિવ્ય અને પૂર્ણ છે. અનવધિકાતિશય અનંત દિવ્ય કલ્યાણકારી ગુણોએ યુક્ત તથા સકળ ઐશ્વર્યસંપન્ન છે. સર્વ દોષે અને વિકારે રહિત છે અને અમાયિક છે. **(૩)** જીવ, ઈશ્વર, માયા (પ્રકૃતિ-જગત) અને અક્ષરબ્રહ્મ, એ સર્વના આધાર, નિયામક, કારણ, ધારક અને અંતર્યામી કેવળ પરબ્રહ્મ છે. **(૪)** પરબ્રહ્મ એક જ સ્વતંત્ર, અતિસમર્થ, અંતર્યામી શક્તિએ સર્વવ્યાપક, સર્વદ્રષ્ટા, (સર્વપ્રત્યયસાક્ષી) સર્વના પ્રેરક, સર્વના નિયંતા અને સર્વના આત્મા છે. **(૫)** જ્યારે સામે પક્ષે જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મ - એ સર્વ પરબ્રહ્મ-પરમાત્મા દ્વારા નિયામ્ય, વ્યાપ્ય, આધીન, પરતંત્ર અને અતિ-સમર્થ છે. **(૬)** તેથી જ સર્વના આત્મા, સર્વવ્યાપક અને સ્વતંત્ર-સર્વાધાર પરબ્રહ્મને જીવ, ઈશ્વર, માયા, અક્ષરમુક્તો અને અક્ષરબ્રહ્મના શરીરી કહ્યા છે. જ્યારે જીવ, ઈશ્વર, માયા અને અક્ષરબ્રહ્મને પરબ્રહ્મનું શરીર કહ્યું છે. અહીં 'શરીર-શરીરી-સંબંધ' શબ્દાર્થ કે વાસ્તવિક અર્થમાં ન લેતાં, તેના સાચા ભાવાર્થમાં સમજવાનો છે. **(૭)** તેઓ કહે છે : ''આત્મા અને અક્ષર એ બેને જે પુરુષોત્તમ ભગવાનનું શરીરપણું તે તો વ્યાપ્યપણું, આધીનપણું અને અસમર્થપણું તેણે કરીને છે. કેવી રીતે તો ભગવાન જ તે પોતાની અંતર્યામીશક્તિએ કરીને આત્મા ને અક્ષર તેને વિષે વ્યાપક છે ને બેય તો વ્યાપ્ય છે. અને ભગવાન જે તે સ્વતંત્ર છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનને આધીન છે - પરતંત્ર છે. અને ભગવાન જે તે અતિસમર્થ છે ને આત્મા ને અક્ષર તે તો ભગવાનની આગળ અતિ અસમર્થ છે. એવી રીતે ભગવાન જે તે એ બેયના શરીરી છે અને એ બેય જે તે ભગવાનનું શરીર છે અને શરીરી એવા જે પુરુષોત્તમ ભગવાન તે તો સદાય દિવ્ય મૂર્તિમાન છે. (ગ.પ્ર. ૬૪) **(૮)** વળી, વચનામૃત ગ.પ્ર. ૬૪નો સમગ્રતયા અભ્યાસ કરતાં 'શરીર' અને 'શરીરી' નાં લક્ષણો શ્રીજીમહારાજના મતે નીચે પ્રમાણે સ્પષ્ટ કરી શકાય. 'શરીર' એટલે પરબ્રહ્મ દ્વારા વ્યાપ્ય, પરબ્રહ્મને આધીન, સદા પરતંત્ર, પરબ્રહ્મની અપેક્ષાએ અતિ અસમર્થ, પરબ્રહ્મને દૃશ્ય, પરબ્રહ્મથી પ્રેર્ય, પરબ્રહ્મથી નિયામક, પરબ્રહ્મ દ્વારા અવસ્થિત અને પરબ્રહ્મની તુલનામાં 'સકળ ઐશ્વર્ય સંપન્ન નહીં.' આત્મા (એટલે પોતપોતાની માયા-પ્રકૃતિ-સમેત સર્વે જીવો અને ઈશ્વરો) તથા અક્ષર (એટલે અક્ષરબ્રહ્મ તથા અક્ષરમુક્તો) હંમેશા પરબ્રહ્મનું શરીર છે, જ્યારે પરબ્રહ્મ તેમના શરીરી છે. **(૯)** 'શરીરી' એટલે સદા સર્વોપરી પરબ્રહ્મ કે જે સર્વમાં (આત્મા = જીવો + ઈશ્વરોમાં અને અક્ષર = અક્ષરબ્રહ્મ + અક્ષરમુક્તોમાં) વ્યાપક છે, સર્વના આધાર છે, સર્વતંત્ર-સ્વતંત્ર છે, અતિ સમર્થ છે, સર્વના દ્રષ્ટા છે, સર્વના પ્રેરક છે, સર્વના નિયામક છે, સર્વમાં મૂર્તિમાનપણે અંતર્યામી છે અને સકળ ઐશ્વર્યે સંપન્ન છે. ટૂંકમાં પરબ્રહ્મ સદા સ્વતંત્ર, સર્વશરીરી સર્વાધાર અને સર્વાત્મા છે. **(૧૦)** ''ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે.'' (ગ.મ.૧૭) **(૧૧)** ''મૂર્તિમાન થકા પણ દ્રષ્ટા અને દૃશ્ય, એ બેયના દ્રષ્ટા છે.'' (ગ.પ્ર. ૬૪) **(૧૨)** ''સર્વે આત્મા અને તે આત્માને વ્યાપ્ય, ને આત્માને દૃશ્ય એવા જે દેહ, એ સર્વેમાં પોતાની અંતર્યામી શક્તિએ કરીને આત્માપણે રહ્યા છે.'' (ગ.પ્ર. ૬૪) **(૧૩)** ''તે ભગવાન અણુ-અણુ પ્રત્યે વિરાજમાન છે.'' (ગ.પ્ર. ૭૮) **(૧૪)** ''ક્ષર અને અક્ષર, એ બેયને પોતાની શક્તિએ કરીને ધારી રહ્યા છે અને પોતે તો ક્ષર અક્ષર થકી ન્યારા છે.'' (ગ.પ્ર. ૭૨) **(૧૫)** ''એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે, તેમજ પ્રકૃતિપુરુષથી પર જે અક્ષરબ્રહ્મ, તેના પણ આત્મા છે.'' (ગ.પ્ર. ૭૨) **(૧૬)** ''આત્મા ને અક્ષર એ સર્વેના પ્રેરક છે, ને સ્વતંત્ર છે, ને નિયંતા છે, ને સકળ ઐશ્વર્યે સંપન્ન છે, ને પર થકી પર એવું જે અક્ષર તે થકી પણ પર છે.'' (ગ.પ્ર. ૬૪) **(૧૭)** અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન ..... અનંત કોટિ ...... બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે.'' (ગ.પ્ર. ૭૮) **(૧૮)** અને ''ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ છે તે તો સૂક્ષ્મ થકી પણ અતિ સૂક્ષ્મ છે અને પૃથ્વી આદિક જે સર્વે તત્ત્વ તેનું આત્મા છે અને તે પ્રધાનપુરુષ થકી પર જે પ્રધાનપુરુષ તેનું આત્મા છે અને તે થકી પર જે શુદ્ધ પુરુષ ને પ્રકૃતિ તેનું આત્મા છે અને તેથી પર જે અક્ષર તેનું પણ આત્મા છે, અને એ સર્વે ભગવાનનું શરીર છે.'' (કારિ. ૮) **(૧૯)** તથા ''પરમેશ્વર છે તે તો સર્વાત્મા એવા જે બ્રહ્મ (સર્વમાં વ્યાપક એવા નિરવયવ અક્ષરબ્રહ્મ) તેના પણ આત્મા છે અને અક્ષરના (સદા સાકાર સાવયવ અક્ષરબ્રહ્મના) પણ આત્મા છે અને અનંતકોટિ જે મુક્ત તેના પણ આત્મા છે.'' (લોયા-૧૦) **(૨૦)** એ પરબ્રહ્મ તો ''બ્રહ્મ (અક્ષરબ્રહ્મ)ના પણ કારણ છે, ને આધાર છે, ને પ્રેરક છે.'' (ગ.મ. ૩) **(૨૧)** અને આ અક્ષરબ્રહ્મ તો પરબ્રહ્મ-પુરુષોત્તમ સાથે 'દાસભાવયુક્ત નિત્યપરમસ્નેહૈક્ય સંબંધથી સીધા જ સદા સર્વદા જોડાયેલા છે. **(૨૨)** ટૂંકમાં, સર્વના આત્મા, સર્વમાં અંતર્યામીપણે વ્યાપક, સર્વના કારણ અને સર્વકર્તા હોવા છતાં પરબ્રહ્મ સદા દિવ્ય, સાકાર અને નિર્લેપ છે. (ગ.મ. ૧૭ અને ગ.પ્ર. ૬૨) **(૨૩)** આમ, આગવા અર્થમાં, શરીરથી વિશિષ્ટ શરીરી-પરમાત્મા છે. આ પ્રમાણે ચિદ્ અને અચિદ્‌થી વિશિષ્ટ હોવા છતાં પરમાત્મા સ્વતંત્ર અને નિર્લેપ છે. આ પ્રકારે સર્વથી પૃથક્ હોવા છતાં જીવ, ઈશ્વર, માયા, મુક્તો અને અક્ષરબ્રહ્મથી સદા વિશિષ્ટ એકમેવ-અદ્વિતીય પરબ્રહ્મ-પરમાત્મા છે. આ એક સ્વતંત્ર-મૌલિક વેદાંતદર્શન છે, જેને આપણે 'નવ્ય વિશિષ્ટાદ્વૈત વેદાંત' તરીકે ઓળખાવી શકીએ.

**૩. ભક્તિ અને શરણાગતિ :- (૭૮ થી ૮૩) (૧)** પરમેશ્વરને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે અતિશય સ્નેહ, તે ભક્તિ જાણવી. (શિક્ષા-૧૦૩) **(૨)** અને ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ..... પરિપૂર્ણ સ્નેહ હોય તેને ભગવાન વિના બીજો સંકલ્પ ન થાય... ને જાણે-અજાણે બીજો કાંઈક ઘાટ થાય, તો જેમ કપાળમાં બળબળતો ડામ દે, ને જેવો વસમો લાગે, તેવો ભગવાન વિના બીજો ઘાટ થાય તો વસમો લાગે. (ગ.પ્ર. ૪૪) **(૩)** માટે હેત (સ્નેહ) તો જેમ દેહ ને દેહના સંબંધી સંગાથે છે, તેવું ભગવાનને વિષે કરવું. એ હેતને મૂઢપણાનું હેત કહીએ. (ગ.પ્ર. ૫૭) **(૪)** પરંતુ, પરમેશ્વરને વિષે જે પ્રીતિ હેત કરવું તે આત્મસત્તારૂપ રહીને કરવું. કારણ કે આત્મરૂપે રહીને જે ભગવાનને વિષે પ્રીતિ કરવી, એ પ્રીતિને બ્રહ્મસ્વરૂપ કહી છે. (ગ.પ્ર. ૪૩) **(૫)** આવી રીતે હેત કરનારાએ ચોવીસ તત્ત્વ થકી પોતાના જીવાત્માને પૃથક્ જાણવો. પંચઇન્દ્રિયની વૃત્તિઓને વિષયમાંથી ઉખેડી નાંખીને જીવસત્તાપણે રહીને નિર્ગુણપણે જેટલું હેત ભગવાનમાં થાય તેટલું કરવું. કારણ કે એવી રીતે જે ભગવાનમાં હેત કરે, એ જ શ્રીહરિને ગમે છે. (પં. ૩) **(૬)** ભગવાનનું માહાત્મ્ય જાણીને હેત થાય, તે સર્વોત્તમ છે. (પં. ૩) **(૭)** કારણ કે માહાત્મ્યજ્ઞાન વિનાની ભક્તિ ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે..... અને જેના હૃદયમાં માહાત્મ્યે સહિત ભક્તિ હોય, તો બીજા કલ્યાણકારી રૂડા ગુણ તેના હૃદયમાં સર્વે આવે છે... (અને) એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે. (સા. ૫) **(૮)** આવા ભક્તિવાળાને ભગવાનની મૂર્તિ વિના પિંડ-બ્રહ્માંડ કાંઈ ભાસતું નથી. (ગ.પ્ર. ૨૬) **(૯)** તેને ભગવાન સંબંધી જ પંચવિષય હોય છે. જગત સંબંધી પંચવિષયમાં અતિશય અભાવે યુક્ત વર્તે છે. તેથી તે સાચા અર્થમાં રસિક ભક્ત કહેવાય છે. (ગ.પ્ર. ૨૬) **(૧૦)** પતિવ્રતા સ્ત્રીની માફક તેનું મન, પોતાને મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને મૂકીને ક્યાંય લોભાતું નથી. (ગ.મ. ૬૨ ને ગ.અં. ૨૬ પ્રમાણે) **(૧૧)** તેને ઇષ્ટદેવને વિષે સીતાજીની માફક નિર્દોષપણાની દૃઢ નિષ્ઠા હોય છે. એવી ભક્તિવાળો સર્વે ચરિત્રોને વિષે પોતાના ઇષ્ટદેવને નિર્લેપ, નિર્દોષ અને દિવ્ય જુએ છે. (ગ.અં. ૧૧ ને ગ.મ. ૧૦ પ્રમાણે) **(૧૨)** ભક્તિવાળો કુસંગ, દેહાભિમાન ને સ્વભાવનો ત્યાગ રાખે છે. નિર્માનીપણે ભક્તિ કરે છે. ઇર્ષ્યાથી, હરીફાઈ કરવા, સારું દેખાડવા, લોક ને રીઝવવા, બીજાને પાછા પાડવા કે વખાણ માટે ભક્તિ કરવી નહીં, કેવળ પરમેશ્વરની પ્રસન્નતાને અર્થે જ ભક્તિ કરવી. (ગ.મ. ૪૧, ગ.અં. ૬ને ૩૩) **(૧૩)** ''બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું; પણ પ્રકટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું.'' (ભક્તિનિધિ- ૪૪/૭) **(૧૪)** માટે પ્રગટની ભક્તિ સર્વોપરિ છે અને એ જ જીવનમુક્તિની અપાવનારી છે. આવી ભક્તિ, શ્રીહરિના અખંડધારક પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષને પ્રસંગે બ્રહ્મરૂપ થઈએ ત્યારે જ સિદ્ધ થાય છે. **(૧૫)** મુક્તિ ભક્તિએ કરીને છે. અહીં 'ભક્તિ' શબ્દે કરીને 'એકાંતિકી ભક્તિ' એવો અર્થ લેવાનો છે, કારણ કે 'આત્મનિષ્ઠા (જ્ઞાન), વૈરાગ્ય અને ધર્મ તે તો ભગવાનની ભક્તિનાં સહાયરૂપ ઉપકરણ છે પણ ભગવાનની ભક્તિ વિના એકલો વૈરાગ્ય, આત્મનિષ્ઠા (જ્ઞાન) તથા ધર્મ તે જીવને માયા તર્યાનું સાધન નથી. અને જો ધર્મ, આત્મનિષ્ઠા (જ્ઞાન) ને વૈરાગ્ય અતિશય ન હોય ને એકલી ભગવાનની ભક્તિ હોય તો પણ એ જીવનું કલ્યાણ થાય ને માયાને તરે. એટલો ધર્માદિ થકી ભક્તિને વિષે વિશેષ છે, તો પણ ધર્માદિક અંગનું સહાયપણું હોય તો એ ભક્તિને વિષે કોઈ વિઘ્ન થતું નથી.... માટે ધર્માદિક અંગે સહિત (એકાંતિકી) ભક્તિ કરવી. (ગ.મ. ૩૨) **(૧૬)** વળી, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિના સાધનચતુષ્ટયવાળો એકાંતિક ધર્મ (એકાંતિકી ભક્તિ) ઉપદેશીને ભગવાન સ્વામિનારાયણે ભગવદ્ગીતામાં ઉપદેશેલા ચારે માર્ગોનું પ્રતિપાદન કર્યું છે. નીતિ સદાચાર પર આધારિત નિત્યકર્મ, નૈમિત્તિક કર્મો, વિશેષ ધર્મો, સ્વધર્મ ઇત્યાદિ ધર્મ દ્વારા કર્મમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. આત્મનિષ્ઠા અર્થાત્ પાંચ ભેદો અને બ્રહ્મ-પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપના યથાર્થજ્ઞાન દ્વારા જ્ઞાનમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. સદ્-અસદ્ના જ્ઞાનમાંથી પરિણમતા વૈરાગ્યનું પ્રતિપાદન કરીને ત્યાગ અને અનાસક્તિની ભાવનાને પોષી છે. તેણે કરીને કર્મમાં બંધન થતું નથી, ફળની આશા પ્રધાન થતી નથી અને સર્વે કર્મો પરમેશ્વરની આજ્ઞા માની પરમેશ્વરને પરમ લક્ષ્ય રાખીને થાય છે. તેનાથી પ્રવૃત્તિ કરવાં છતાં નિવૃત્તિ અને નૈષ્કર્મ્યની સિદ્ધિ થાય છે. **(૧૭)** આ રીતે વૈરાગ્ય દ્વારા અનાસક્તિમાર્ગનું અને યોગમાર્ગનું પ્રતિપાદન કર્યું છે. માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિને લીધે બ્રહ્મરૂપ થઈ પરમેશ્વરમાં પ્રીતિ કરાય છે. સર્વે વૃત્તિ, પ્રવૃત્તિ અને પદાર્થ પરમેશ્વરને ચરણે ધરી દેવાથી આત્મનિવેદી થવાય છે. સર્વ ક્રિયા નિર્ગુણ થાય છે. પરમેશ્વરમાં લીનતા (સ્નેહૈક્ય) થાય છે. પરમેશ્વર વરેણ્ય થાય છે. આ રીતે ભક્તિમાર્ગનું પ્રતિપાદન પણ કર્યું છે. **(૧૮)** આ સંપ્રદાયમાં શરણાગતિનો મહિમા છે; પરંતુ શરણાગતે શરણાગતિ ગ્રહણ કર્યા પછી કંઈ જ કરવાનું નહીં અને બધું જ પરમાત્માએ કરવાનું, એવું નથી સ્વીકાર્યું, સદ્ગુરુ દ્વારા પરમાત્માની શરણાગતિ સ્વીકારી, સંપ્રદાયમાં શામિલ થઈ અધ્યાત્મ માર્ગ ગ્રહણ કરનાર મુમુક્ષુજનનાં બધાં જ પાપ, ભય, દોષ, ત્રાસ, ઇત્યાદિથી રક્ષા પરમાત્મા કરે છે; પરંતુ શરણાગતે પરમેશ્વરની મોક્ષપ્રદ કૃપા પામવા માટે પરમેશ્વરની રુચિ, રહસ્ય, અભિપ્રાય અને આજ્ઞાનુસાર કર્મો કરવાં જ પડે છે. ભગવાનનો દૃઢ આશ્રય, મનના માનેલા ધર્મોનો પરિત્યાગ, ભગવાનની મરજી પ્રમાણે જ વર્તન, રક્ષાના કરનારા કેવળ ભગવાન જ છે એ મહાવિશ્વાસ અને ભગવાન સિવાય કોઈની પાસેથી કાંઈ સુખ ન ઇચ્છનારો - ભગવાનનો શરણાગત અનન્ય ભક્ત કહેવાય છે. (વ. ૫) **(૧૯)** અને આવો માહાત્મ્યજ્ઞાને યુક્ત શરણાગત, ભગવાન અને તે ભગવાનના અખંડ ધારક સંતને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તો પુરુષનો ત્યાગ કરે. (લો. ૩) **(૨૦)** તથા પોતાનું સર્વસ્વ તે ભગવાન ને ભગવાનના ભક્તને અર્થે

કરી રાખે અને સત્સંગ અર્થે માથું દેવું હોય તો દે અને જે ઘડીએ પોતાના ઈષ્ટદેવ આજ્ઞા કરે જે 'તું પરમહંસ થા' તો તે તત્કાળ પરમહંસ થાય. (ગ.મ. ૬૧) **(૨૧)** એવા શરણાગત પર પરમાત્મા વરેણ્ય થઈને, પોતાના કૃપા-અનુગ્રહ દ્વારા મુક્તિ આપે છે. પોતાના ધામમાં, પોતાની સેવામાં નિત્ય નિવાસ આપે છે. **(૨૨)** હા, એ ખરું છે કે, પરમાત્મા જો પોતે જ અતિકૃપા-કરુણાથી પ્રસન્ન થઈ કોઈ પ્રપન્નને સીધો જ (સાધન માર્ગમાંથી પસાર થયા વગર પણ) પરમપદ આપવા ઈચ્છે તો આપી શકે છે અને આપે પણ છે. આ વસ્તુ પરમાત્માની કૃપા-કરુણાનું અધિકપણું સૂચવે છે, અને નહિ કે પ્રપન્નનો સીધો જ પરમપદનો અધિકાર. **(૨૩)** પોતાના આશ્રિત ભક્તજનને અંતકાળે સ્વધામ તેડી જવા ભગવાન પોતે દિવ્ય દેહે મુક્તો-પાર્ષદોસહ આવે છે. એવું પરમાત્માનું વરદાન છે. આ હકીકત સંપ્રદાયના હરિભક્તોએ અનુભવમાં નિહાળેલી અને સિદ્ધ થયેલી જોઈ છે. તેથી શ્રદ્ધા અને વિશ્વાસથી તેઓ માને છે કે સત્સંગીની અવગતિ ક્યારેય થતી નથી. ભગવાન પોતાના ભક્તની રક્ષામાં જ હોય છે.

**પ્ર-૨ નીચેનામાંથી કોઈપણ બે વિષે નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

**☞ નોંધ : (૧) નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ત્રણ સંદર્ભ લખેલા હોવા જોઈએ.**
**(૨) પરીક્ષાર્થીએ બધા જ મુદ્દા ન લખ્યા હોય, પણ ચારે વિભાગને પોતાની રીતે ન્યાય આપ્યો હોવો જોઈએ.**

**૧.ઉત્પત્તિ સર્ગ (૪૯ થી ૫૨) :- (૧)** પ્રકૃતિ સ્વયં, પોતાની મેળે સૃષ્ટિ-સર્જન કરવાની ક્ષમતાશક્તિ ધરાવતી નથી. પરંતુ પરબ્રહ્મ-પરમેશ્વરના સંકલ્પથી તેમની અધ્યક્ષતા-પ્રશાસનમાં રહીને તે સૃષ્ટિ સર્જે (ઉત્ક્રાંતે) છે. **(૨)** ઉત્પત્તિ સમયે પરબ્રહ્મ-પુરુષોત્તમ સંકલ્પ કરી અક્ષરબ્રહ્મ સામી દૃષ્ટિ કરે છે, ત્યારે અક્ષરધામમાંથી એક અક્ષરમુક્ત પરમેશ્વરની ઈચ્છાએ કરીને સૃષ્ટિરૂપ સેવા કરવા તૈયાર થાય છે. તે સમયે પુરુષોત્તમ, અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરીને, તે દ્વારાએ અક્ષરપુરુષ (અક્ષરમુક્ત) ને વિષે પ્રવેશ કરે છે. **(૩)** 'આ અક્ષરપુરુષને 'બ્રહ્મ' કહે છે, 'મુક્ત' કહે છે 'મૂળપુરુષ' કહે છે, 'મહાપુરુષ' પણ કહે છે. બહુધા શાસ્ત્રમાં આને જ પુરુષોત્તમ તરીકે વર્ણવેલ છે. - ગ.પ્ર. ૧૨ અને ગ.મ. ૩૧ **(૪)** આમ પરબ્રહ્મ, પુરુષરૂપે થઈને (પુરુષ દ્વારા) મૂળ પ્રકૃતિ (મહામાયા)ને વિષે પોતાની શક્તિને પ્રેરે છે. માયાના ત્રણ ગુણોની સામ્યાવસ્થા વિચલિત થાય છે. **(૫)** આ રીતે પુરુષ (મૂળપુરુષ/અક્ષરાત્મક પુરુષ) અને પ્રકૃતિ (મૂળ પ્રકૃતિ)ના સાન્નિધ્યમાત્રથી અને પ્રેરકશક્તિથી અનંત 'પ્રધાન+પુરુષ'નાં જોડેલાં અનંત બ્રહ્માંડોના સર્જન અર્થે ઉત્પન્ન થાય છે. (ગ.પ્ર. ૧૨) પ્રત્યેક 'પ્રધાન+પુરુષ'નાં જોડલાંમાંથી દેવલોક, દૈત્યલોક, અને સ્થાવર-જંગમ-સૃષ્ટિયુક્ત મનુષ્યલોકવાળું, ચોવીસ તત્ત્વોનું બનેલું એક બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. (ગ.પ્ર. ૪૧ અને ગ.પ્ર. ૧૨) **(૬)** ઉત્પત્તિની વાત સુંદર રૂપકથી ભગવાન સ્વામિનારાયણ સમજાવે છે : ''જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર-એ સર્વે અનાદિ છે. માયા છે તે તો પૃથ્વીને ઠેકાણે છે અને પૃથ્વીમાં રહ્યાં જે બીજ તેને ઠેકાણે જીવ છે અને ઈશ્વર તો મેઘને ઠેકાણે છે. તે પરમેશ્વરની ઈચ્છાએ કરીને પુરુષરૂપ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય છે ત્યારે જેમ મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિ કાળના જીવ હતા તે ઉદય થઈ આવે છે, પણ નવા જીવ નથી થતા. માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે, ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે. (ગ.અં. ૧૦) **(૭)** ટૂંકમાં સર્વ સૃષ્ટિની પહેલાં એક પરમાત્મા જ હતા અને સર્વ સૃષ્ટિના પ્રલયને અંતે પણ તે એક જ રહે છે. (ગ.પ્ર.૫૬) પરમાત્મા, પોતાનું ધામ જે અક્ષર અને મુક્તો આ ત્રણ નિત્ય નિરંતર હતા, છે ને રહેશે, કારણ કે તે સર્વે કાળ-માયાથી પર છે.

**૨. સાંપ્રદાયિક માન્યતા-પરંપરા (૮૭ થી ૮૯) :-** (૧) આ સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રી સહજાનંદ સ્વામી (ભગવાન સ્વામિનારાયણ)ને પરમ ઈષ્ટદેવ તરીકે - સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ (પરબ્રહ્મ) તરીકે અને તેમના પરમહંસ શિષ્યોમાંથી પ્રમુખ શિષ્ય પરમ આદર્શ ઉત્તમ ભક્તરાજ ગુણાતીતાનંદ સ્વામીને અનાદિ અક્ષરબ્રહ્મના મૂર્તિમંત સ્વરૂપ તરીકે સ્વીકારમાં આવ્યા છે. તેથી આ સંપ્રદાયમાં પણ અન્ય વૈષ્ણવ સંપ્રદાયોની માફક ભક્તે સહિત ભગવાનની ભક્તિ ઉપદેશી છે. તે જ કારણથી આ સંપ્રદાય 'સ્વામિનારાયણ સંપ્રદાય', 'અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય', તથા તેનું તત્ત્વજ્ઞાન 'નવ્ય-વિશિષ્ટાદ્વૈત' તથા 'બ્રહ્મ-પરબ્રહ્મવાદ' તરીકે પણ ઓળખાય છે. (૨) હા, એ ખરું છે કે, આ સંપ્રદાયની ઉપાસના બ્રહ્મરૂપ થઈને સદા-સાકાર પરબ્રહ્મની સેવાભક્તિ કરવાનું ઉપદેશે છે, કારણ કે જે મુમુક્ષુ ગુરુને સંગે આદર્શ ભક્ત અક્ષરબ્રહ્મ તુલ્ય થાય છે તે જ મોક્ષ પામી, પરમધામમાં પરબ્રહ્મ-પુરુષોત્તમની નિત્યસેવામાં સ્થાન પામે છે. આમ 'અક્ષરધામમાં એક પુરુષોત્તમનાં બે ચરણારવિંદની જ ઉપાસના છે. (વેદરસ-૧૫૦) (૩) પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પરથી અંતર્ધાન થયા પછી તેમણે તેમનું પ્રગટપણું તેમના શિષ્ય અક્ષરબ્રહ્મનો અવતાર ગુણાતીતાનંદજીમાં નિવાસ કરીને જારી રાખ્યું. ત્યારબાદ ઉત્તરોત્તર પરમ એકાંતિક બ્રહ્મસ્વરૂપ સંત (સદ્‌ગુરુ) દ્વારા તેમનામાં અખંડ નિવાસ કરીને મુમુક્ષુઓના મોક્ષ કરવારૂપ પોતાનું કલ્યાણકારી કાર્ય ભગવાને જારી રાખ્યું છે. (ગ.પ્ર. ૫૪, પં.૭) (૪) અને 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે તેવી જો પ્રત્યક્ષ ગુરુરૂપ હરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત કરવાના કહ્યા છે એટલા સર્વે અર્થ પ્રાપ્ત થયા છે અને આવો સંતસમાગમ પ્રાપ્ત થયો ત્યારે દેહ મૂકીને જેને પામવા હતા તે તો દેહ છતાં મળ્યા છે માટે જેને પરમપદ કહીએ મોક્ષ કહીએ તેને છતે દેહે જ પામ્યો છે.'' (ગ.અં. ૨) (૫) માટે એવા પરમ એકાંતિક બ્રહ્મસ્વરૂપ સંતનું શરણું લઈને, તેમને ગુરુ કરીને તેમની સેવા-સમાગમ દ્વારા

મુમુક્ષુજન બ્રહ્મરૂપ થઈ, પરબ્રહ્મની ભક્તિનો અધિકારી બની શકે છે અને છતી દેહે મોક્ષને પામી શકે છે. વર્તમાનકાળે આ સંપ્રદાયની ગુરુપરંપરામાં પરબ્રહ્મના અખંડ ધારક, પરમ એકાંતિક, પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી શ્રી નારાયણસ્વરૂપદાસજી વિદ્યમાન છે. તેમના દ્વારા હાલમાં આ સંપ્રદાયનો વિકાસ, ઉત્કર્ષ તથા મુમુક્ષુઓની આધ્યાત્મિક ઉન્નતિનું તથા જીવોને બ્રહ્મરૂપ કરી તેમની આત્યંતિકી મુક્તિ કરવાનું કાર્ય ચાલુ છે.

**૩.મુક્તિ (૭૪ થી ૭૮) :-** (૧) ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ - આ ચારેનો વિકાસ સાધકના જીવનમાં આવશ્યક છે. એવી એકાંતિકી ભક્તિ જ મોક્ષ અર્થાત્ પરમ પદનો હેતુ છે. એકાંતિકી ભક્તિમાં પતિવ્રતા સ્ત્રીના જેવી અનન્ય નિષ્ઠા અને પરમ નિર્માનીપણાનું દ્યોતક એવું દાસત્વપણું અંતર્ગત છે. એકાંતિકી ભક્તિમાં પરમાત્માના પ્રગટ સ્વરૂપની ઉપાસનાના ભક્તિનો નિર્દેશ છે. (૨) જે મુમુક્ષુજન પ્રગટ બ્રહ્મસ્વરૂપ સદ્ગુરુ પાસેથી જ્ઞાન-પ્રાપ્તિ અને અધ્યાત્મ સાધના કરે છે, તે જ મોક્ષને માર્ગે પૂરેપૂરો આગળ વધી પરમપદ પામી શકે છે, કારણ કે જે મુમુક્ષુજન ત્રણ ગુણ, ત્રણ અવસ્થા ને ત્રણ દેહથી પોતાના આત્માને વિલક્ષણ જાણીને, પ્રગટ અક્ષરબ્રહ્મના સાકાર સ્વરૂપ સંગાથે પોતાના આત્માની એકતા પ્રાપ્ત કરીને પરબ્રહ્મના સદા સાકાર સ્વરૂપની ભક્તિ કરે છે, તે જ જીવનમુક્ત થાય છે અને તે જ પરમપદ જે મોક્ષ તેને પામે છે અને તે જ પરમધામમાં (અક્ષરધામમાં) પરબ્રહ્મ પરમાત્માની નિત્ય સેવામાં સ્થાન પામે છે. (શિક્ષા. ૧૧૬, ૧૨૧ તથા લો. ૭ અને ગ.મ. ૩૦) (૩) (પ્રગટ) મૂર્તિમાન અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેનારો ભક્ત જ નિર્વિકલ્પ સમાધિવાળો છે અને તે જ મુક્તિને પામે છે. અને તે જ પરબ્રહ્મની નિત્ય ભક્તિનો અધિકારી બને છે. (ગ.પ્ર.૪૦, શિક્ષા-૧૨૧, ૧૧૬) અને તેથી જ અષ્ટાવરણેયુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જ અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ (મૂર્તિમાન - સાકાર - પ્રગટ) અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ એમ શ્રીજીમહારાજ કહે છે. (લો. ૧૨) કારણ કે ''મારું સ્વરૂપ તો માયાથકી મુક્ત ને પર એવું જે (સાકાર-અક્ષર) બ્રહ્મ તે છે.'' એવી રીતે નિરંતર મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મનો ગુણ એ જીવને વિષે આવે છે. (ગ.મ. ૩૧) અને જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે. (૪) આમ, પોતાના જીવાત્માને એ બ્રહ્મ (પ્રગટ બ્રહ્મસ્વરૂપ સત્પુરુષ) સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામી સેવકભાવે ઉપાસના કરવી. (ગ.મ. ૩) (૫) એ જ આત્યંતિકી મુક્તિનું સાચું સ્વરૂપ છે. કારણ કે ગુણાતીત થઈને જે ભગવાનને વિષે પ્રીતિ કરે છે એ (પ્રીતિ) જ બ્રહ્મસ્વરૂપ છે. (ગ.મ. ૪૩) (૬) ભગવાન કૃપાસાધ્ય છે. ભક્તનો અવિરત દાખડો અને અતિદૃઢ ભક્તિ દેખીને પોતે તેને આધીન થઈ જાય છે. (પ્ર. ૬૧) તેના પર પોતાની કૃપા-કરુણા વરસાવે છે અને તે મુમુક્ષુના દોષો વિકારો, અજ્ઞાન અને કારણ શરીરની વાસનાઓ પોતાના સંકલ્પમાત્રે ટાળીને તેનો મોક્ષ કરે છે ''માટે અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય છે.'' (સા. ૯) (૭) ''અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી. એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.'' (ગ.અં. ૭) (૮) માટે ''પોતાના જીવાત્માને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ શરીર થકી પૃથક્ માને અને તેને વિષે અખંડ (સદાય) ભગવાન વિરાજમાન છે એમ જે સમજે, તો તે થકી ભગવાન અથવા ભગવાનનાં ધામ, તે અણુમાત્ર છેટે નથી.'' (સા. ૧૦) (૯) આ છે જીવનમુક્તિનો આદર્શ, આ છે જીવનમુક્તિની સ્થિતિ, આ છે અવિદ્યા અને કારણ શરીર-વાસનામય લિંગદેહથી મુક્તિ. (૧૦) જીવનમુક્તિ એટલે અવિદ્યા અને જન્મમરણના ફેરામાંથી નિવૃત્તિ અને ભગવાનના સાન્નિધ્ય અને સુખની અહોનિશ અનુભૂતિ. (૧૧) એવી રીતે જે (ભક્ત) ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે ..... એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. (કા.૧) (૧૨) આવી સિદ્ધદશા પામેલા તે જીવનમુક્તને પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિપુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિષે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહીં. (કા.૭) (૧૩) ટૂંકમાં, જીવનમુક્તિ, એ અવસ્થાની સ્થિતિની) પ્રાપ્તિ છે જેમાં આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું (દિવ્યાનંદનું) સુખ (એ ભક્ત) ભોગવે છે. (ગ.મ. ૪૫) (૧૪) આવો જીવનમુક્ત દેહ મૂક્યા કેડે ભગવાનના ધામમાં જાય છે ત્યારે તેને ભગવાનની ઇચ્છા-કૃપાથી બ્રહ્મરૂપ દેહ (દિવ્ય-તેજોમય-પરમાત્મા સમાકાર-ભાગવતી તનુ) પ્રાપ્ત થાય છે. (ગ.મ.૧, ગ.મ. ૬૬) (૧૫) આમ, વિદેહમુક્તિ એ દેહ મૂક્યા કેડે થતી પરમપદની પ્રાપ્તિ છે; જ્યારે જીવનમુક્તિ એ, એ જ સુખની દેહ છતાં અનુભવાતી (પૂર્ણકામપણાની) સ્થિતિ છે. આવો ભક્ત દેહ મૂક્યા કેડે (વિદેહમુક્તિમાં) ભગવાને આપેલ ભાગવતી તનુએ કરીને ભગવાનની સેવાને વિષે રહે છે. (ગ.પ્ર. ૫૩, ૬૩) (૧૫) અને ભગવાનનો ભક્ત જ્યારે દેહ મૂકે છે ત્યારે સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાન પોતે જ તેને સ્વધામ - અક્ષરધામમાં લઈ જવા દિવ્ય દેહે પધારે છે અને નિર્વાસનિક થયેલા બ્રાહ્મી સ્થિતિ પામેલા ભક્તજનને કૃપાએ કરીને અષ્ટપ્રકારની જડ પ્રકૃતિથી ભિન્ન એવો અપ્રાકૃત દિવ્ય ચૈતન્યમય (પ્રકાશમય) દેહ ભગવાન પોતે જ આપે છે, જેણે કરીને પરમધામ-અક્ષરધામમાં પરબ્રહ્મની સેવા-ભક્તિનું સુખ અને પરમાનંદ ચિરંતન માણે છે. (૧૬) ભગવાનના પરમ અક્ષરધામમાં પરબ્રહ્મ ભગવાન, અક્ષરબ્રહ્મ અને અક્ષરમુક્તો એ સર્વેનો આકાર ભગવાનના જેવો છે, સત્ય છે, દિવ્ય છે, અતિશય પ્રકાશેયુક્ત છે, પુરુષના જેવો દ્વિભુજ છે, ને સચ્ચિદાનંદરૂપ છે તો પણ મુક્તો પુરુષ છે, જ્યારે ભગવાન પુરુષોત્તમ છે ને તે સર્વમાં શ્રેષ્ઠ છે, ને એ સર્વેને ઉપાસ્ય છે ને સર્વેના સ્વામી છે (ગ.અં. ૩૭, ૩૮) ધામમાં અક્ષરબ્રહ્મ અને સર્વે મુક્તો દાસભાવે પરબ્રહ્મની નિત્ય નિરંતર

ધ્યાન-ભક્તિમાં રત રહે છે. (૧૭) એવી રીતે ભગવાનના ભક્ત મુક્તિ દશામાં ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તો પણ, સ્વામી-સેવકપણું રહે છે. (ગ.મ. ૬૭) 'સાધર્મ્યપણું' એટલે પુરુષોત્તમ સમાકાર દિવ્ય તનુ પ્રાપ્ત થાય છે. પરંતુ પરમધામ-અક્ષરધામની (મુક્તિની) પ્રાપ્તિ થયા પછી પણ 'સ્વામી-સેવક' 'પરમેશ્વર-દાસ', 'ભગવાનના ભક્ત', 'ઉપાસ્ય-ઉપાસક' ભેદ અને સંબંધ નિત્ય નિરંતર રહે છે. ટૂંકમાં અક્ષરબ્રહ્મ (સાકાર અક્ષરબ્રહ્મના સ્વરૂપ) સાથે મુક્તો સર્વેનો અભેદ (ગુણસાધર્મ્યભાવના અર્થમાં), અને પરબ્રહ્મ સંગાથે ભેદ (સેવક/દાસ-પણાના અર્થમાં) કાયમ રહે છે. (ગ.મ. ૬૭ ને ૩૧) (૧૮) તેમજ, પ્રકાશપણે સજાતિપણું હોવા છતાં ભેદ અતિશય છે. (લો. ૧૫) (૧૯) અક્ષરધામમાં મુક્તો સર્વે નિરંતર પુરુષોત્તમની મૂર્તિનું અવર્ણનીય સુખ-આનંદ લેવામાં જ અખંડ રત હોય છે. (૨૦) આમ, સ્વામી-સેવકભાવની ભક્તિમાં દાસત્વપણું એ અમાનીત્વની પરાકાષ્ઠા છે. અહંકારનું સંપૂર્ણ નિરસન છે. 'સ્વ'ને ભૂલી 'પર'મય થવાનું ચરમ લક્ષ્ય છે તેથી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી, તેમના ચરણનું સેવન કરવું - તેને જ ઉપાસનાની સિદ્ધિ અને તેને જ મુક્તિ માની છે. (શિક્ષાપત્રી - ૧૨૧)

૪. **અક્ષરબ્રહ્મ : ધામરૂપે અને પ્રગટ સત્પુરુષરૂપે : અક્ષરબ્રહ્મ ધામરૂપે (૪૧ થી ૪૨) :-** (૧) અક્ષરરૂપ જે (મૂર્તિમાન) બ્રહ્મ તે જ શ્રી પુરુષોત્તમનારાયણને રહેવા સારું ધામરૂપ થયું છે. ને સર્વ અક્ષરબ્રહ્મ (બ્રહ્મ સંજ્ઞાવાળા અક્ષરમુક્તો થકી) ભગવાનના ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે. ને એને કોઈ ધામની ઉપમા ન દેવાય તેવું છે. (અમ. ૩) (૨) આ અક્ષરધામ અનંત છે, અપાર છે, અધોઊર્ધ્વ ને પ્રમાણે રહિત છે. અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે. આ ધામની સંકોચવિકાસ અવસ્થા નથી. આ ધામ સદા અવિનાશી છે. જ્યારે બીજાં ધામો પ્રાકૃત પ્રલય કે આત્યંતિક પ્રલયમાં નાશ પામે છે. અન્ય ધામો, અક્ષરધામની તુલનામાં તુચ્છ છે. 'એ ભગવાનના ધામનો હેઠે, ઉપર ને ચારે કોરે અંત નથી કેમ જે એ અપાર છે.... ને તે ધામને વિષે અસંખ્ય પાર્ષદો (મુક્તો) રહ્યા છે તે સર્વ ભગવાનની સેવામાં નિરંતર તત્પર રહ્યા છે. (અમ. ૩) (૩) અનંત મુક્તો એ ધામમાં પરબ્રહ્મની મૂર્તિનું નિરંતર સુખ લે છે અને પરબ્રહ્મના સુખે સુખિયા છે. એ સુખ અપરિમિત છે. અક્ષરધામના (બ્રહ્મરૂપ) તેજના સમૂહના મધ્યભાગને વિષે એક મોટું સિંહાસન છે ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણપુરુષોત્તમ ભગવાન વિરાજમાન છે ને સિંહાસનને ચારેકોરે અનંતકોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે. (લો. ૧૪) (૪) તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે અને અખંડ છે. તેને દૃષ્ટાંતે કરીને કહીએ છીએ - જેમ પર્વત ને વૃક્ષાદિકે સહિત અને મનુષ્ય-પશુ-પક્ષ્યાદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની (અરીસારૂપ) હોય અને આકાશને વિષે જે સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે. (ગ.પ્ર. ૧૨) (૫) જેમ તેજનો મહાસાગર શોભે, તેમ અક્ષરધામ એવું અનવધિકાતિશય તેજોમય છે. અનંતકોટિ સૂર્ય-ચંદ્ર- અગ્નિનું તેજ ભેગું કરવામાં આવે તો પણ તે અક્ષરધામના તેજની તોલે ન આવે એવું શીતળ અને શાંત અક્ષરબ્રહ્મનું એ જ્યોતિઃસ્વરૂપ છે. તેને વિષે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદાય રહી છે. (ગ.અં. ૩૧) ગ.પ્ર. ૭, ૧૨, ૧૪, ૩૦, ૪૬. સા. ૯, ૧૦. કા. ૭, ૮. લો.૭. ગ.મ. ૧૩, ૩૦, ૪૨, ૬૪. ગ.અં. ૭) આ અક્ષરધામની પ્રાપ્તિ એ જ પરમપદ-મોક્ષની પ્રાપ્તિ છે.

**અક્ષરબ્રહ્મ : પ્રગટ સત્પુરુષરૂપે (૪૪)** (૧) ગ.પ્ર. ૨૧માં વર્ણવેલ મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તો પરબ્રહ્મના અનાદિના નિત્ય-નિકટતમ સેવક અને ઉત્તમ ભક્ત છે. આ અક્ષરબ્રહ્મને પરબ્રહ્મ જ્યાં પણ, જ્યારે પણ અવતરે ત્યારે સાથે લઈ જાય છે. (ગ.પ્ર. ૭૧) (૨) અને પરબ્રહ્મ પોતે મનુષ્યલોકમાંથી અંતર્ધાન થયા પછી (પં. ૭ પ્રમાણે) પણ સદા પ્રગટ રહે છે, કારણ કે ગ.પ્ર. ૫૪ પ્રમાણે મોક્ષનું દ્વાર ઉઘાડું રાખવા, જીવોનું કલ્યાણ કરવા, ને બ્રાહ્મી સ્થિતિ પમાડવા. વળી ગ.પ્ર. ૪૧ પ્રમાણે અક્ષરબ્રહ્મમાં સમ્યક્પ્રકારે અન્વયપણે રહ્યા છે. પરબ્રહ્મ-ભગવાન, આ અક્ષરબ્રહ્મ (ભગવાનને મળેલા અક્ષરબ્રહ્મસ્વરૂપ સત્પુરુષરૂપે) સદાય પૃથ્વી પર પ્રગટ રહે છે. (વ.૧૦) (૩) અને તેમના દ્વારા પરબ્રહ્મ પણ સદાય પ્રગટ રહે છે. અને તેને સંગે જ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય (લો. ૧૨) સિદ્ધ થાય છે અને બ્રાહ્મી સ્થિતિ (પરબ્રહ્મની સ્થિતિ) પમાય છે. (ગ.મ. ૩૧) (૪) ટૂંકમાં અક્ષરબ્રહ્મ 'પરમએકાંતિક' 'પરમભાગવત' 'બ્રહ્મસ્વરૂપ' સત્પુરુષરૂપે પણ મુમુક્ષુઓનું કલ્યાણ કરવા પૃથ્વી પર સદા પ્રગટ રહે છે. આ પણ પરબ્રહ્મની જ ઈચ્છાથી તેમની જ સેવા કરવાનો એક પ્રકાર છે.

**('એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ', પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૩ નીચેના પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ લખેલા હોવા જોઈએ.**

**૧. પરમ એકાંતિક સંતની મોટપ શી છે ? (૧૭ થી ૨૧) :- (૧)** પરમ એકાંતિક સંતની સર્વાધિક મોટપ બતાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે : 'હું તો તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને હું ભગવાનના એ ભક્તની ભક્તિ કરું છું. (ગ.મ. ૨૮) તથા 'એવી નિષ્ઠાવાળો જે સંત છે તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ અને તેને દુખવતાં થકા મનમાં બીએ છીએ અને તેના દર્શનને પણ ઈચ્છીએ છીએ..... એવા યથાર્થ ભગવાનના એ ભક્ત છે. તેનું દર્શન તો ભગવાનના દર્શન તુલ્ય છે અને એના દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે. એવા મોટા છે. (ગ.પ્ર. ૩૭) **(૨)** અને 'આત્યંતિક પ્રલય જે જ્ઞાન પ્રલય તેણે કરીને જેણે માયિક ઉપાધિનો ત્યાગ કર્યો તેને તો પાછી કોઈ કાળે માયિક ઉપાધિ વળગતી નથી અને એ જો કોઈ કાળે દેહ ધરે, તો જેમ ભગવાન સ્વતંત્ર થકા દેહ ધરે છે. તેમ તે પણ સ્વતંત્ર થકો દેહ ધરે છે. પણ કાળ, કર્મ ને માયા તેને

આધીન થકો દેહને નથી ધરતો. (અમ. ૨) માટે એવા સંતનું દર્શન તે સાક્ષાત્ ભગવાનનું દર્શન છે. (સા.૧૦) એવા સંતને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને ભગવાનનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે. (વર. ૧૧) **(૩)** વળી જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ ગુરૂરુપહરિને વિષે આવે તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે, તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે. (અને) જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ તેને છતી દેહે જ પામે છે. (ગ.અં. ૨) માટે આવા સંતના હૃદયમાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન છે, એમ જાણવું અને એવા સાધુનો દ્રોહ કરે તો ભગવાનના દ્રોહ કર્યા બરાબર પાપ લાગે છે અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે. (ગ.અં. ૩૫) **(૪)** એવાં ત્રીશ લક્ષણે યુક્ત સાધુમાં, ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યા એવા ભગવાનના ઓગણચાળીસ કલ્યાણકારી ગુણ આવેલ હોય છે. તેથી જેમ ભગવાન સર્વ પ્રકારે નિર્બંધ છે અને ચાહે સોકરવાને સમર્થ છે, તેમ એ ભક્ત પણ અતિશય સમર્થ થાય છે અને નિર્બંધ થાય છે (ગ.પ્ર. ૭૭ અને ગ.પ્ર. ૬૬) અને એ ભક્તને કાળ, કર્મ અને માયા તે બંધન કરવા સમર્થ થતા નથી. (કા. ૮) તેથી એવા સંતનો સમાગમ મળે ત્યારે પરમચિંતામણિ ને કલ્પવૃક્ષ મળેલ છે, એમ સમજવું. (ગ.પ્ર. ૧૪) એવા ભક્તે માયિક પંચવિષયને તુચ્છ કરી નાંખ્યા હોય છે અને શબ્દાદિક પંચવિષયે કરીને ભગવાન સાથે જ દૃઢપણે જોડાયા હોય છે. એવા ભક્ત જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે અને જેમ એ ભક્તને ભગવાન વિના નથી રહેવાતું, તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી અને એ ભક્તના હૃદયમાંથી આંખનું મટકું ભરીએ એટલી વાર પણ ભગવાન છેટા રહેતા નથી. (કા. ૧૧) એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા, ને દેવ જેવા પણ ન જાણવા અને એવા સંત તો મનુષ્ય છે, તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે. (ગ.અં. ૨૬) તેમને વ્યાવહારિક દૃષ્ટિએ વર્તવું તે કેવળ જીવો પર દયાએ કરીને છે. (ગ.અં. ૧૪) મુક્તાનંદ સ્વામી પણ શ્રીહરિના આ જ શબ્દો વ્યક્ત કરે છે : 'મેરો હી સર્વસ્વ સોઈ.' **(૫)** આવા સંત તો સ્વાભાવિકપણે જ બ્રાહ્મીસ્થિતિમાં અહોનિશ રહેતા હોય છે. તે જ સાચા સદ્‌ગુરુ છે. તે જ મુમુક્ષુ માટે ગુરુ અને ઉપદેષ્ટા છે. તે જ ભગવાનની હૃદ્‌ગત રુચિ અભિપ્રાયના જાણનારા છે, કારણ કે એવા સંતથી ભગવાન ક્યારેય જુદા રહેતા નથી. આ જ મુદ્દો આગળ ધરતાં શ્રીહરિ કહે છે : 'ગુરુ પરમહંસ આઠ પ્રકારે કરીને સ્ત્રીના ત્યાગી છે, તેમ જ દ્રવ્યના ત્યાગી છે. એવા જે સંત, તે સંતને હરિ જેવા જાણવા, ગોવિંદ જાણવા. એવા જે સંત તે જ ગુરુ છે ને તે જ ગોવિંદ છે અને તે જ હરિ છે'. શ્રીહરિના આ જ ઉપદેશને આધારે બ્રહ્માનંદ સ્વામી કહે છે કે એવા સંત તો 'હરિ સમ સબ દુઃખહારી' છે. માટે એવા સંતમાં જીવ જોડી તેમની મન, કર્મ, વચને સેવા કરી લેવી, કારણ કે તેમની સેવાથી આ ને આ જન્મે ઉત્તમ ભક્ત તુલ્ય થઈ જવાય છે. (વર. ૫) એવા એકાંતિક સાધુના વચનમાં વિશ્વાસ રાખીને નિષ્કપટભાવે ભગવાનના ચરણકમળને ભજવાથી, ભગવાનના સ્વરૂપને વિષેની માયિક દૃષ્ટિ મટે છે. (પં. ૭) **(૬)** આવા પરમ એકાંતિક સંતનો મહિમા પોતાની માતા ભક્તિદેવીને સમજાવતાં શ્રીહરિ કહે છે : दृष्टाः स्पृष्टा नता वा कृतपरिचारणा भोजिताः पूजिता वा सद्यः पुंसामघौघं बहुजनिजनितं ध्नन्ति ये वै समूलम् । प्रोक्ताः कृष्णेन ये वा निजहृदयसमा यत्पदे तीर्थजातं तेषां मातः ! प्रसडगात्किमिह ननु सतां दुर्लभं स्यान्मुमुक्षोः ॥ હે માતા ! એવા સંતનું કોઈ મુમુક્ષુ એક વખત પણ આદરપૂર્વક દર્શન, સ્પર્શ કે પરિચર્યા કરે, અથવા એક વખત પણ ભાવપૂર્વક તેને ભોજન કરાવે કે તેનું પૂજન-વંદન કરે, તો તેના અનંત જન્મના પાપપૂંજનો સમૂળો નાશ તત્કાળ થઈ જાય છે. શ્રીહરિકૃષ્ણ કહે છે કે, એવા સંત તો મારા હૃદયતુલ્ય છે. એવા સંતનાં ચરણમાં સર્વ તીર્થો નિવાસ કરીને રહે છે. તેમનાં ચરણ પડે તે ભૂમિ તીર્થરૂપ થઈ જાય છે. માટે એવા સાધુના પ્રસંગ થકી મુમુક્ષુ માટે કઈ ચીજ દુર્લભ છે ? કોઈ જ સિદ્ધિ દુર્લભ નથી. ઊલટાનું, એ મુમુક્ષુને સર્વે સિદ્ધિ અને નિઃશ્રેયસ કહેતાં આત્યંતિક મુક્તિ પણ સરળતાથી મળે છે. **(૭)** માટે 'ઈન્દ્રિયો રૂપ જે મનની ધારા તે જે ઠેકાણે ઘસાઈને બુઠ્ઠી થઈ જાય, તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું. તે ઠેકાણે જપ, તપ, વ્રત, ધ્યાન, પૂજા એ આદિક જે સુકૃત તેનો જે આરંભ કરે. તે દિન દિન પ્રત્યે વૃદ્ધિ પામે, એવું જે નૈમિષારણ્ય ક્ષેત્ર તે જે ઠેકાણે ભગવાનના એકાંતિક સાધુ રહેતા હોય, તે ઠેકાણે જાણવું.... એવું સંતના સમાગમરૂપી નૈમિષારણ્ય ક્ષેત્ર જ્યાં દેખાય, ત્યાં કલ્યાણને ઈચ્છવું અને ત્યાં અતિ દૃઢ મન કરીને રહેવું.' (સા. ૭) કારણ કે, 'મોટા એકાંતિક સાધુ દ્વારે તો મહારાજ અખંડ રહ્યા છે. તેને વળગે છે ત્યારે તેને મહારાજનું સુખ આવે છે. જેમ ગાયના આંચળમાંથી જ દૂધનું સુખ આવે છે તેમ. તેથી જ મુક્તાનંદ સ્વામીનું કીર્તન ટાંકીને શ્રીહરિ કહે છે, કે એવા સાધુ પાસે તો 'શૂળી ઉપર શયન કરાવે તોય સાધુને સંગે રહીએ રે'. (ગ.મ. ૪૭) **(૮)** આટલો બધો મહિમા કહેવા પાછળનો ઉદ્દેશ એટલો જ છે કે આવા સંતને સંગે જ અજ્ઞાનની નિવૃત્તિ થાય છે. નિર્દોષ થવાય છે, નિર્વાસનિક થવાય છે. આત્મસ્વરૂપનું જ્ઞાન થાય છે અને ભગવાનનો જેમ છે તેમ નિશ્ચય થાય છે. માટે શાસ્ત્રે કહ્યા જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ ઈત્યાદિક સંતના લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય, એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય છે. તેથી એવા સંતને વચને કરીને ભગવાનનો નિશ્ચય કરવો. (ગ.અં. ૨૭) અને એવા 'મોટાપુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય.... અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય.' (પ્ર.૫૮)

('ધાર્મિક વિધાનો અને ભાવના' પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ના આધારે)

**પ્ર.૪ નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૧૪)**

**૧. ઘરસભા એટલે શું ? તેનો શો લાભ છે ? અને પ્રમુખસ્વામી મહારાજ ઘરસભા માટે શું કહે છે ?**

**ઘરસભા એટલે શું ? (૫૮-૫૯, ૬૧) :-** માણસ બૌદ્ધિક પણ છે અને લાગણીપ્રધાન પણ છે. માણસના પારસ્પરિક સંબંધો બુદ્ધિથી નહીં પણ લાગણીથી, સ્નેહથી બંધાયેલા હોય છે. સ્નેહના તાંતણે એકત્રિત થઈ રહેલા આબાલવૃદ્ધનો સમૂહ એટલે જ કુટુંબ કે પરિવાર. સ્નેહ વિના તો ટોળું કહેવાય. પરસ્પર સ્નેહ વિના માણસ સ્વકેન્દ્રી બની જતાં કોઈનું થોડું પણ સહન કરી શકતો નથી. કુટુંબના સમૂહમાં પોતાનું જ આગવું વ્યક્તિત્વ ઉપસાવવા મથતા અનેક પ્રશ્નો સર્જાય છે. આધુનિક યુગના ભોગવાદી વિચારોના ઝપાટાઓમાં સ્નેહના તંતુઓ છિન્નભિન્ન થઈ જાય છે. આ સ્નેહના તંતુઓને સમજણ અને જ્ઞાનના ઓપથી મજબૂત બનાવી, તેને ગૂંથી, એક કૌટુંબિક વસ્ત્ર તૈયાર કરતી હાથશાળ એટલે જ ઘરસભા. આત્મીયતાનો સેતુ એટલે ઘરસભા. ઘરની પ્રત્યેક વ્યકિતનું ઘડતર કરતી શાળા એટલે ઘરસભા. ઘરના પરિવારજનોની, આબાલવૃદ્ધોની સૌની સત્સંગ સભા એટલે ઘરસભા. સત્સંગ વ્યકિતને ઘડે છે. વ્યક્તિમાં સદાચારનાં બીજ વાવા છે. અંતર તપાસતાં શીખવે છે. પોતાના દોષ સાંભળી, અન્યના ગુણોને ગ્રહણ કરવાનો વિવેક શીખવે છે. પ્રભુભક્તિ વધે છે. નમ્રતા આવે છે. સત્સંગી તો કંઈ કેટલાયે લાભ થાય છે. સત્સંગગંગા ઘરઆંગણે વહેતી થાય તો ઘર પણ તીર્થરૂપ બની જાય. ઘરને તીર્થ બનાવતી ગંગા એટલે ઘરસભા. ઘરસભા એટલે એક નાનકડી ઘર અદાલત - ઘરના સભ્યો સાથે સુમેળભર્યું વાતાવરણ - પૂર્વગ્રહોની અભેદ્ય દીવાલોને તોડનાર વજ્ર, એટમબૉમ્બ - હૃદયમાં ભગવાન અને સંતની શાશ્વત પધરામણી - સ્નેહ, સુહૃદભાવ, ઉષ્મા અને ઉદારતાની અમરવેલ - સાંપ્રત સામાજિક સમસ્યાઓનો અર્થપૂર્ણ ઉકેલ - પરિવારને એકસૂત્રે બાંધનારું પ્રબળ માધ્યમ - ધાર્મિક વાતાવરણની જનેતા - સત્સંગ શિક્ષણ આપતો ઉપવર્ગ - રાજીપો પ્રાપ્ત કરવાનું એક અદ્વિતીય સાધન - સત્સંગબાગને કલ્લોલતો રાખતી અમૃતસરિતા.

**ઘરસભાથી થતા લાભ : (૫૯-૬૦) :-** (૧) બાળકોમાં સારા સંસ્કારો પડે છે. (૨) બાળકોની ટીવી જોવાની કૂટેવ દૂર થાય છે. તેથી તેઓ અભ્યાસમાં તેજસ્વી બને છે. (૩) કુટુંબના યુવાનોમાં નમ્રતા આવે છે અને વડીલો માટે માન વધે છે. (૪) વ્યસનો દૂર થાય છે. (૫) કુટુંબીઓમાં આત્મીયતા થાય છે અને અણસમજણ ને ઝઘડાઓ દૂર થાય છે. (૬) ક્રોધ, સ્વાદ, ઈર્ષ્યા, માન જેવા દુઃખકારી સ્વભાવો ટળે છે. (૭) વ્યવહારના સારા-માઠા પ્રસંગોમાં સ્થિરતા રહે છે. (૮) વ્યવહાર સુધરે છે (૯) ઘરમાં અખંડ શાંતિ રહે છે.

**પ્રમુખસ્વામી મહારાજ ઘરસભા માટે શું કહે છે ? (૬૦) :-** પહેલાં તો મા-બાપ પણ રામાયણ-મહાભારતની વાર્તાઓ છોકરાંઓને કરતાં અને સ્કૂલમાં પણ શિક્ષણ અપાતું જેથી ધાર્મિક સંસ્કારો સહેજે જ મળતા. જ્યારે આજનું વાતાવરણ જ એવું થઈ ગયું છે કે મા-બાપને પડી નથી અને શિક્ષણમાં ભણાવવામાં આવતું નથી. એટલે બહાર તો ધર્મના સંસ્કાર મળે એવું છે જ નહીં, તેથી ઘરમાં એ સંસ્કાર મળે એ બહુ જરૂરી છે. એટલે જ ઘરસભાની જરૂર છે. 'વાડે વેલો ચઢી જાય' એમ જે વાતાવરણમાં છોકરાં ઉછેરો, એવાં એ થઈ જાય. સત્સંગનું વાતાવરણ ઘરમાં હોય તો બાળક પણ વ્યવસ્થિત થાય. જીવનમાં, ઘરમાં અને સમાજમાં દિવ્ય વાતાવરણ થાય. 'ઘરસભા આત્મીયતાનો સેતુ છે. રજોગુણી વાતાવરણમાં સૌ પોતાની રીતે ખાઈ લે, સૂઈ જાય એટલે ઘરમાં એકબીજાને મળવાનું થાય જ નહીં, પછી મન નોંખા પડે. વાતવાતમાં ઝઘડો થાય. પછી ઘરમાં એકતા કે આત્મીયતા ક્યાંથી રહે ? ઘરસભા કરવાથી આત્મીયતા થાય છે. અણસમજણ દૂર થાય છે. આ દવા એવી છે કે ખોટું રિએકશન (વિપરીત આડઅસર) તો નહીં જ આવે. એમાં સુધરવાનું જ છે. માટે મહિમા સમજીને ઘરસભા નિયમિત કરવી. ઘરમાં બધાં સભ્યો ભેગાં ન થાય એવું નથી, પણ આપણી ઉત્કંઠા નથી એટલે નથી થતું. કોઈ કદાચ ન આવે તો એકલા કરવું. તોય બીજાને પ્રેરણા મળશે. બાળકને આ રીતે સંસ્કાર મળે નહીં. નહીં તો જો બાળક હેરોઈનમાં ચઢી ગયો તો ખલાસ ! માટે ચેતતા નર સદા સુખી.'

**૨. તિલક-ચાંદલો શું છે ? તેનાથી શું લાભ થાય ?**

**તિલક-ચાંદલો શું છે ? (૨૦ થી ૨૩) :-** તિલક કહો કે ચાંદલો કહો, પૂર્વકાળમાં તો એ એક સૌંદર્યપ્રતીક પ્રસાધન હતું. માનવી જાતજાતની રંગબેરંગી માટીના રંગોથી ટીલાં ટપકાં કરતો, મુખ્યત્વે કપાળ પર, જે સુંદરતામાં અભિવૃદ્ધિ કરતું. આથી જ કોઈપણ વ્યક્તિ પ્રત્યે આદર દર્શાવવા-પૂજન કરવા તેના કપાળમાં તિલક અથવા ચાંદલો કરવામાં આવતો. રાજા ગાદી પર બેસે ત્યારે તેની પૂજા કરી તેને પણ ચાંદલો કરવામાં આવતો, જેને પાછળથી રાજતિલક કહેવામાં આવતું. વર્તમાન આધુનિક યુગમાં પણ વ્યક્તિ પોતાને કંઈક વિશેષ સાંપડ્યું છે, વિશેષ પ્રાપ્તિ થઈ છે અને એ પોતાનું સદ્ભાગ્ય છે, એ દર્શાવવા જુદાં જુદાં પ્રતીકોનો સહારો લે છે. લાયન્સ, રોટરી કે અન્ય કલબના સભ્ય હોવું એ મોભો ગણાય, સદ્ભાગ્ય ગણાય. એ વ્યક્ત કરવા લાયન્સ કલબનો બિલ્લો વ્યક્તિ હોંશે હોંશે શર્ટ પર કે કોટ પર પહેરે છે. રાજકીય ક્ષેત્રે પોતાની આગવી પ્રતિભા વ્યક્ત કરવા કૉંગ્રેસીઓ ખાદી પહેરશે, તો ભા.જ.પ.ના પ્રતિનિધિઓ કેસરી ટોપી ધારણ કરશે. પરદેશમાં પોતાની મનપસંદ રમતટુકડી(ટીમ)ના નામથી અંકિત અથવા તે ટુકડીના ચિહ્નથી અંકિત શર્ટ-ટીશર્ટ-કેપ-બેલ્ટ-જોડા વગેરે છોકરાઓ રાજીખુશીથી પહેરે છે. સમાજમાં સ્ત્રીને યોગ્ય પતિ મળે એ એનું સારું ભાગ્ય-સૌભાગ્ય ગણાયું છે. સારો પતિ મળ્યાના હર્ષમાં સ્ત્રી પોતાના કપાળમાં ચાંદલો કરતી. ભક્તિ સંપ્રદાયોમાં ભક્ત માટે ભગવાન પણ તેના સ્વામી છે. સ્વામીની પ્રાપ્તિના હર્ષમાં ભક્ત પણ પોતાના કપાળમાં ચાંદલો ધારણ કરે છે. ભક્ત દાસત્વભાવે પ્રભુની સેવા કરે છે. ભગવાનની પ્રાપ્તિનું સૌભાગ્યચિહ્ન એટલે

જ તિલક-ચાંદલો. મસ્તક એ વ્યક્તિનું આત્મગૌરવ છે. વિચારોમાં, બુદ્ધિમાં જ તો વ્યક્તિનું વ્યક્તિત્વ સમાયેલું છે. અન્ય પ્રતિ આદર વ્યક્ત કરવા માનવી તેને પોતાનું મસ્તક નમાવે છે. મહાન વ્યક્તિનાં ચરણોમાં મસ્તક મૂકે છે. ભક્ત પોતાનું મસ્તક પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરી દે છે. આથી પ્રેમની સમર્પણભાવનાવશ ભક્ત પ્રભુનાં ચરણોની છાપ પોતાના કપાળમાં (બુદ્ધિમાં ભગવાનનો વાસ થાય તો શુભ વિચારો થાય એ ભાવનાથી), બળસૂચક બાહુઓ પર (ભુજામાં ભગવાન વસે તો સત્કાર્યો થાય એ ભાવનાથી) તથા પ્રાણના આધાર સમા હૃદય પર (હૃદયમાં ભગવાન વિરાજે તો શુભ ભાવનાઓ ધબકે એ હેતુથી) અંકિત કરે છે. આમ, વિચાર, ભાવના અને કર્મના શુભ હેતુ માટે ચાર સ્થાને તિલક-ચાંદલો કરવામાં આવે છે. આ જ છે ભક્તિ સંપ્રદાયોનાં તિલક. પ્રત્યેક સંપ્રદાયમાં આ તિલક કરવાની પદ્ધતિ જુદી જુદી છે, તથા તિલક-દ્રવ્યમાં પણ વિવિધતા છે. કોઈ સફેદ માટીથી કરે, કોઈ રક્તવર્ણી કરે તો કોઈ ભસ્મથી પણ તિલક કરે છે. ભગવાનની પ્રાપ્તિનું સૌભાગ્યચિહ્ન એટલે તિલક-ચાંદલો. ભગવાનને સમર્પિત થયાનું ચિહ્ન એટલે તિલક-ચાંદલો.

**તિલક-ચાંદલો કરવાથી શો લાભ ? :-** તિલક-ચાંદલો દાસત્વ વ્યક્ત કરે છે. આથી અંતરમાં 'હું ભગવાનનો દાસ છું.' એનું સતત અનુસંધાન રહે. જીવનમાં નમ્રતા આવે. નમે તે પ્રભુને ગમે. પ્રભુને ગમે તે સૌને ગમે. વળી, ભગવાનની નાની મોટી આજ્ઞાઓ પાળવાનું પણ સતત જાણપણું રહે. કદાચ આપણે ભૂલ કરી બેસીએ તો ભગવાન અન્ય વ્યકિતઓમાં રહીને પણ આપણને સન્માર્ગે વાળે. આથી જીવનમાં ખોટું કામ કરતાં આપણે સહેજે અટકીએ છીએ, નૈતિક બળ વધે છે. દુર્જનો આપણને ભક્ત જાણીને જાતે જ દૂર રહે છે. આથી ખોટી સોબતથી સહજપણે બચી શકાય છે. લોકલાજ તૂટે છે. ભગવાનના ભક્તપણાની અસ્મિતા જાગૃત થાય છે. હિંમત પ્રગટ થાય છે. આથી ભક્ત મનનો ગુલામ નથી બનતો પણ મનનો સ્વામી બને છે. પરિણામે, આંતરિક દોષો પર પણ વિજય પ્રાપ્ત થાય છે. આત્મબળ પ્રગટે છે અને ભગવાનના આશરાનું બળ પણ પ્રગટ થાય છે. લોકમાં પણ આ જ હેતુથી વિશેષ જવાબદારી બજાવતી વ્યક્તિઓને અમુક જ પહેરવેશ પહેરવાની ફરજ પાડવામાં આવે છે. દા.ત. પોલીસ, નર્સ, જજ વગેરે. પોલીસને ખાખી કપડાંથી શક્તિ વધતી નથી, નર્સને સફેદ વસ્ત્રોથી સેવાની ભાવના વધી જતી નથી, જજને કાળા કોટથી ન્યાયબુદ્ધિ વધતી નથી, પણ એમને પોતાની જવાબદારીનું ભાન રહે તે માટે બાહ્યોપચાર લાભદાયક છે. આ જ રીતે તિલક-ચાંદલો પણ દાસત્વભાવનું, ભક્તપણાનું સતત જાણપણું આપતું લાભદાયક ચિહ્ન છે.

**(વિભાગ : ૨ - ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫ના આધારે)**

**અભ્યાસક્રમના ઉદ્‌ગીથ : ભાગ-૪ : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪**
**ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫**

**પ્ર.૫ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ :- (૧) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના ભાગ નંબર/ પાના નંબર દર્શાવે છે.**
**(૨) વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. સામાજિક નવચેતનાના કર્ણધાર : ભગવાન સ્વામિનારાયણ**

૧. નીતિ અને ધર્મ રાખે તો તેનો વિજય થાય છે. ૪/૯૯
૨. ગુજરાતની કાયાપલટ ૪/૧૦૦-૧૦૫
૩. આપના પ્રતાપથી રાજ્યમાં શાંતિ છે. ૪/૧૭૧-૧૭૨
૪. હીરાબા ધામમાં જાય છે. - નેનપુરના દેવજી ભક્તના પ્રસંગથી - શોકાતુર સ્વજનોને જ્ઞાન આપ્યું.૪/૧૭૭ થી ૧૮૧
૫. ભાવ હશે તો મહારાજ પધારશે - આપનું જ બધું આપેલું છે. આસક્તિ કાઢનાર શ્રીજીમહારાજ. ૪/૨૨૪
૬. પાંચ કેરી સાટે.... આ પ્રસંગે મહારાજનો ઉપદેશ - જગતમાંથી વૃત્તિ તોડાવીને ભગવાનમાં જોડવી. ૪/૨૨૯-૨૩૦
૭. સુરાખાચરે - પોતાના બે બળદ ગયા તો બીજાના ચાર ચોર્યા હતા તે પાછા આપવા ગયા.વૃત્તિઓ સુધારી ૪/૨૪૪-૨૪૫
૮. ગુજરાતમાં આધ્યાત્મિક (સામાજિક) ક્ષેત્રે સમૂળી ક્રાંતિ **ભા.૫ - ૮**
૯. બિશપ હેબર સાથે મુલાકાત - મહારાજના કાર્યની ઝાંખી ૫/૯૫
૧૦. વેદાંતીઓનો પરાજય ગુણાતીતાનંદ સ્વામી દ્વારા-સમાજમાં બની બેઠેલ-'બ્રહ્મ'થી જનસમાજને સાચું જ્ઞાન. ૫/૧૦૦-૧૦૧
૧૧. શિક્ષાપત્રીનો પ્રાદુર્ભાવ - સામાજિક તેમજ દરેક ક્ષેત્રે મોટી જાગૃતિ. ૫/૧૭૧-૧૭૨
૧૨. ભગવાન જાત, વર્ણથી રીઝતા નથી. ભક્તિથી રીઝે છે. જ્ઞાતિ અને વર્ણના બંધનો સમાજમાંથી દૂર કર્યા. ૫/૨૦૯-૨૧૦
૧૩. માલ્કમ સાહેબે મહારાજને કહ્યું : ''તમારા બધા પ્રતાપથી શાંતિ સ્થપાણી છે.'' ૫/૩૮૫
૧૪. માલ્કમ સાહેબે પૂછ્યું આપના આટલા બધા......સહેજે જ નિયમન રહે છે. આ ઉપરાંત સમાજને બાવાઓના ત્રાસથી છોડાવ્યો, વાણીનો દોષ દૂર કર્યો, કામી, ક્રોધી, વગેરેના સ્વભાવ સુધર્યા, વ્યસનમુક્ત કર્યા, ફટાણાં બંધ કરાવ્યાં, લૂંટારાનો લૂંટનો ધંધો બંધ કરાવી હાથમાં માળા આપી - સતીપ્રથા, દહેજ પ્રથા, દૂધ પીતિ બાળકી વગેરે કુરિવાજો દૂર કરી સામાજિક નવચેતનાના કર્ણધાર બન્યા.

**૨. શ્રીહરિના ભક્તોનો સમર્પણભાવ :**

૧. હિમરાજ શાહે સગાંવહાલાં, મોઢ જ્ઞાતિ, વૈષ્ણવ આચાર્ય ગોસાંઈજી બધાના પ્રયત્ન છતાં પોતે સ્વીકારેલ સ્વામિનારાયણ ભગવાનનો આશ્રય ન છોડ્યો. ૪/૭૩-૭૪
૨. આ કંઠી અને સત્સંગ શિર સાટે છે. હિમરાજ શાહના પુત્રોની ટેક. ૪/૪૩૦
૩. આપની મૂર્તિ અખંડ ધ્યાનમાં રહે છે. ૪/૪૩૪
૪. આદરજમાં અન્નકૂટોત્સવ કરવા આવેલા શ્રીજીમહારાજને રતુ ખાંટની મા સુજાનબા તથા બહેન હવનબા, 'મહારાજ ! અમારા ઘરની સમૃદ્ધિ વાપરીને પછી જ જવાની વાત કરી.' ૪/૮૧
૫. કરજીસણના નાનાભાઈ અને ગોવિંદભાઈ મહારાજ સાથે સત્સંગમાં ફરતાં, તેથી બાજરાનો મોલ તૈયાર થયો હોવા છતાં લણ્યો ન હતો. ૪/૯૪
૬. વડતાલમાં દલાભાઈએ વિશાળ મંદિર, સાધુઓની ધર્મશાળા, સભામંડપ વગેરે માટે જોઈતી તમામ જમીન આપી તેનો દસ્તાવેજ કરવાની કરેલી તૈયારી. ૪/૧૦૬
૭. નેનપુરના દેવજી ભગતે પુત્ર મરણના શોકનો ત્યાગ કરી પત્નીને ઘીના ઘાડવા સાથે ગઢપુર મોકલ્યા. ૪/૧૭૮ થી ૧૮૨
૮. બ્રહ્માનંદ સ્વામીને બહેનોએ આપેલું પોતાનું આયુષ્ય. ૪/૧૯૧
૯. પાર્ષદ દ્વારા મહારાજ પોતાને બોલાવે છે જાણી અડધી હજામતે દાદા ખાચર ઊઠી ગયા. ૪/૧૯૨
૧૦. અમદાવાદ મંદિરના બાંધકામમાં ભગાદોશીએ આપેલી રૂપિયા દશ હજારની હૂંડી. ૪/૨૧૭-૨૧૮
૧૧. બરોળ ગામના ચારણ હરિભક્તના અઢાર વર્ષના દીકરાએ અંતઃકરણની વૃત્તિઓ સ્થિર કરી કથામાં મન પરોવી મહારાજે કરેલા ચાર પ્રકારના પ્રલયની સૂક્ષ્મ વાત જીવમાં ઉતારી. ૪/૨૨૦-૨૨૧
૧૨. ઝમરાળાના જીવા દવે અને ગંગારામનો મહારાજની સેવા માટેનો સમર્પણભાવ. ૪/૨૨૫
૧૩. કચ્છના હીરજીભાઈનો કારિયાણીમાં મોક્ષની આ રીત ચાલુ રહેશે કે કેમ ? નો પ્રશ્ન. ૪/૨૨૫-૨૨૬
૧૪. અમારો કસબ કામ આવી ગયો. ૪/૨૨૭
૧૫. દીવબંદરના પ્રેમી હરિભક્ત પ્રેમીબાઈ - વસ્ત્રો - આભૂષણો અર્પણ ૪/૨૩૪-૨૩૫
૧૬. બોટાદના અદા શેઠે રાત માથે લઈને મહારાજ, સંતો, પાર્ષદો અને અન્ય હરિભક્તો માટે કરાવેલી રસોઈ. ૪/૨૪૧
૧૭. નિર્માનાનંદ સ્વામીએ ગાડામાં ન બેસવાનો લીધેલો નિયમ. ૪/૨૪૨
૧૮. વડોદરાના રાજવૈદ્યે કરેલી અલૌકિક કમાણી. ૪/૩૩૭ થી ૩૪૦
૧૯. કારિયાણીના અમરા ખાચરે ઘરવાળા સાથેનો સંબંધ તોડી નાખ્યો. ૪/૩૯૫
૨૦. કારિયાણીમાં એક હરિભક્તે પોતાની બધી જ બચતના રૂપિયા બસો મહારાજના ચરણોમાં ભેટ ધરી. ૪/૪૧૧ થી ૪૧૩
૨૧. બહારવટીયાઓની બીક હોવા છતાં રાત્રે ખોખરાના હરિભક્તો ઉમરાળી મહારાજના દર્શને. ૫/૩૭૮-૩૭૯
૨૨. કાંટા વાગે પણ આપનાં દર્શન ક્યાંથી ? (ખોખરાના હરિભક્તોનાં છોકરાં મહારાજનાં દર્શને દોડ્યા) ૫/૩૭૯-૩૮૦
૨૩. પાડાસણના દરબાર સરતાનજી મહારાજ સંતો અને હરિભક્તોની સીધા સામગ્રી તૈયાર રાખી આવવાની વાટ જોતા હતા. ૫/૩૮૯
૨૪. ખોખરામાં લાધા ગોયેલે દેહ મૂકી દીધો હોવા છતાં નદી કિનારે રાજા ડાંગરે મહારાજને રોકી ખોખરા લાવ્યા. ૫/૩૯૦
૨૫. મૂર્તિ ધારીને અંગરખું બનાવ્યું લાગે છે. ગામ કુકેના દરજી ભક્તે સીવેલું અંગરખું બંધબેસતું આવી ગયું. ૫/૩૯૨-૩૯૩

**૩. પંચાળામાં ફૂલદોલ અને મહારાસ :**

૧. મહારાજ પંચાળામાં ૪/૩૬૬
૨. પંચાળાના શાખાનગરોની શોભા - સત્સંગમાં ગુપ્તપણે કુસંગ રહ્યો છે. ૪/૩૬૭
૩. ફૂલદોલનો ભવ્ય ઉત્સવ : આ.સં. ૧૮૭૯ - નરનારાયણ ઋષિના પ્રાદુર્ભાવનો ઉત્સવ ૪/૩૬૯
૪. અમારી સાથે રાસ રમો - પંચાળામાં મહારાસ ૪/૩૭૧
૫. રંગલીલા ૪/૩૭૫
૬. અક્ષર અહીં નથી દેખાતું ? - આ મહાદેવની યથાવિધિ પૂજા થાય તેવો બંદોબસ્ત કરાવજો. ૪/૩૭૭
૭. કમળશી ભગત ૪/૩૭૮
૮. અદીબાનો પરિતાપ ૪/૩૭૯
૯. રચ્યો મનોહર રાસ ૪/૩૮૦
૧૦. આપણે ગામલોકોને જમાડવા છે. ૪/૩૮૧
૧૧. આ કોરા સુખડામાં આપણું પેટ ભરાય નહીં - 'શેલણ' જમાડો ૪/૩૮૨

૧૨. એવા પાપીને તે વળી જમાડવાના હોતા હશે ? ૪/૩૮૩
૧૩. અમે આવો લહાવો લીધો નથી - મને વિષ્ટાની ગંધ આવે છે. ૪/૩૮૪-૩૮૫
૧૪. ઝીણાભાઈ મહારાજનું રાજોપચારથી પૂજન કરે છે. 'આવા સાધુ પાછળ લાખો મનુષ્યો ફરશે ત્યારે સત્સંગ યથાર્થ થયો ગણાશે. ૪/૩૮૭
૧૫. છ માસના બાળકો મહારાજનો મહિમા કહે છે - ગોપી ભટ્ટ બરોબર સેવા કરે છે ને ! ૪/૩૮૮
૧૬. આ ગોપી ભટ્ટનું શું કરવું ? - આ ચાર સંતો સનકાદિકો છે. ૪/૩૮૯-૩૯૦
૧૭. અમે ઝાઝા દિવસ રહીશું તો તમારી બાહ્ય વૃત્તિ થઈ જશે. ૪/૩૯૧

**પ્ર.૬ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. વડતાલ પ્રતિષ્ઠામાં મુક્તાનંદ સ્વામીની ગેરહાજરી :**

૧. મહારાજ મુક્તાનંદ સ્વામીને વરતાલ ન આવવા સમજાવે છે - મહારાજની મૂર્તિ ન પધરાવાય તેવી મુક્તાનંદ સ્વામીની માન્યતા - મુક્તાનંદ સ્વામીને હાથે ઈજા થાય છે. ૫/૫-૬
૨. મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું પ્રતિષ્ઠા ઉત્સવ ઉપર આવવાનો સંકલ્પ કરશો નહિ. ૫/૭
૩. કલ્યાણ તો અમારી મૂર્તિના સંબંધથી જ થશે. ૫/૧૦

**૨. શ્રીહરિની ક્ષમાવૃત્તિ**

૧. કોઈનું ભગવાન પાસે ન ચાલ્યું અને તમારું ચાલશે ? અમૂલા ! દાદાના દરબારમાં આવજે; આપણે ભેગા છાશ પીશું. અમે તો બાપુનાં કારસ્તાન જોવા આવ્યાં હતાં. ૪/૧૯૭
૨. દાદા ખાચર વિરુદ્ધ મહારાજની ના છતાં જીવાખાચર ફરિયાદ કરવા ગયા. ઘોડી પરથી પડ્યા. તેમનો ગુનો હોવા છતાં મહારાજ તેમને મળવા પધાર્યા અને કામ, ક્રોધ, ઈર્ષાના વેગને મોળા પાડવાનો ઉપદેશ આપ્યો. ૪/૨૯૧-૨૯૩
૩. વસ્તાખાચર એ તો આપણા ખાતાનો જીવ છે. ૪/૪૫૯
૪. વસ્તાની ફજેતી થાય એવું કરવું નહીં. ૪/૪૬૨
૫. અમારી સાથે પણ આવી છેતરામણ ? (ભગા દોશી તો દેહ મેલી ગયા છે. જીવા ખાચર. આડસર કોરે રહી નથી ગયું. - મહારાજ) ૪/૪૬૮-૪૬૯
૬. દુષ્ટોની દુષ્ટતા ૫/૪૪
૭. મહારાજે કહ્યું, સરકાર ! અમારા નિમિત્તે તેને કોઈ દંડ દેવાની જરૂર નથી. ૫/૧૫૦
૮. વડોદરાના દ્વેષી દીવાનજીને મહારાજ પોશ ભરીને સાકર અને આશીર્વાદ આપે છે. ૫/૧૫૬
૯. વડોદરાના મહારાજના દ્વેષી દીવાનને મહારાજનો ઉપદેશ. ૫/૧૪૫
૧૦. મહારાજ લંગડા મીરને બોલાવી પાઘ આપે છે ૫/૨૫૧
૧૧. દ્વેષી જીવાખાચરનું મહારાજે કરેલું કલ્યાણ - તેના બે ગુણો જોઈ અમે તેનાં કલ્યાણ કર્યાં. ૫/૨૯૧-૨૯૨

**૩. સત્સંગમાં અમૃત અને વિષ :**

૧. પૂર્વ ભૂમિકા ભાગ-૪
૨. વસ્તાખાચરનું અંતર ડહોળાવા લાગ્યું. ૪/૪૫૮
૩. આ જીવ હવે જરૂર મોક્ષના માર્ગથી પડશે. - વસ્તાખાચર એ તો આપણા ખાતાનો જીવ છે. - શ્રીજીમહારાજ ૪/૪૫૯
૪. ભોળા માનવીને ભરમાવા માટેની આ ભક્તિની ભ્રમજાળ નથી. - શ્રીજીમહારાજ ૪/૪૬૦
૫. 'મને આશીર્વાદ આપો કે આપના સ્વરૂપમાં ક્યારેય મનુષ્યભાવ ન આવે.' - વસ્તાખાચર ૪/૪૬૧
૬. આ બધા કાઠીઓ મૂરખ છે ? - દાદા ખાચર ૪/૪૬૧
૭. વસ્તાની ફજેતી થાય એવું કરવું નહિ. - શ્રીજીમહારાજ - ઉપસંહાર ૪/૪૬૨

**૪. કારિયાણીમાં શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને કહેલા અવતરણના છ હેતુઓ :**

૧. વડોદરાથી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કારિયાણી પધારે છે. ૪/૨૩૦
૨. કારિયાણી અક્ષર ઓરડીમાં મહારાજ ગોપાળાનંદ સ્વામીને એકલા બોલાવે છે. ૪/૨૩૨
૩. નિષ્કુળાનંદ સ્વામી અક્ષર ઓરડીના બંધ બારણા પાસે રહસ્યની વાત સાંભળવા બેસી ગયા. ૪/૨૩૨
૪. મહારાજે ગોપાળાનંદ સ્વામીને કહેલા પોતાના અવતરણના છ હેતુઓ:- ૧. અમારી સર્વોપરી ઉપાસના અને જ્ઞાન આ

પૃથ્વી ઉપર પ્રવર્તાવવું. ૨. પૂર્વે થયેલા અવતારોને તથા તેમના ભક્તોને અમારા સ્વરૂપનું જ્ઞાન કરાવી અક્ષરધામમાં લઈ જવા. ૩. આ પૃથ્વી ઉપર એકાંતિક ધર્મનું સ્થાપન કરવું. ૪. ભક્તિદેવી તથા ધર્મદેવને અમારી મૂર્તિનું સુખ દેવું. ૫. આ લોકમાં તીર્થ, વ્રત, દાન, તપ વગેરે કરતા કેટલાક યોગભ્રષ્ટ જીવોને અમારો સંબંધ કરાવી અક્ષરધામમાં લઈ જવા. ૬. અમારા ભક્તના સંબંધે અનંત જીવને અક્ષરધામમાં લઈ જવા.- નિષ્કુળાનંદ સ્વામીને કડી મળી ગઈ ! ૪/૨૩૩

**પ્ર.૭ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા,સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ,અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**અગત્યની નોંધ :- નિબંધ ૧- B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય - સાધુતા અથવા B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય - સેવા - આ બે માંથી કોઈપણ નિબંધ લખ્યો હોય તો સાચું આપવું.**

૧. **B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય - સાધુતા : ૧.** સંસ્થાના વિકાસમાં સાધુતા મુખ્ય - કોઈપણ સંસ્થા કે સંપ્રદાયના વિકાસ માટે તેના નેતા - મહંત, ગુરુ કે સંતની સાધુતા એ આગવું લક્ષણ. **૨.** B.A.P.S. ના સ્થાપક શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજની સાધુતા અજોડ - ગુણાતીત સંતની પરંપરામાં જ સાધુતા - મુખ્ય ગુણના પ્રસંગો **૩.** સાધુતામાં મુખ્ય બે ગુણ - પંચવર્તમાન અને સહિષ્ણુતા - પંચવર્તમાનના પાલનમાં શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજની દૃઢતા એવી કે એક તલ માત્ર કસર તેમાં ન જણાય. પ્રસંગો - ત્રણે ગુરુવર્યોના પંચવર્તમાનની દૃઢતાના પ્રસંગો લઈ શકાય. **૪.** બીજો ગુણ સહિષ્ણુતા - સાધુતાના શિરમોર સમો આ ગુણ પરંપરામાં યથાર્થ રીતે જણાઈ આવે છે. (ઈસણાવ કેસમાં જૂના મંદિરના સંતોની ફાઈલ મુજબ રજૂઆત કરવાની શાસ્ત્રીજી મહારાજે ના પાડી દીધી કેસ હારી જઈએ પણ 'સ્વામિનારાયણ'નું નામ લેશ માત્ર ગૌણ થાય તે શાસ્ત્રી મહારાજને યોગ્ય લાગ્યું નહિ.) અજાતશત્રુતા - મૂઠી ઉંચેરા, યશકલગી સમી સાધુતા - અન્ય પ્રસંગો. **૫.** ચારિત્ર્ય એ સાધુતાની શક્તિ - ગમે તેટલું અપમાન, માનસિક ત્રાસ, સમાચારપત્રોમાં ગમે તેવાં લખાણો લખાય, પ્રચાર થાય પરંતુ સ્વામીશ્રી સ્થિર, ગંભીર, ધીર, શાંત (પ્રસંગો) - સ્વસ્થ - ગુરુવર્યોની આ સાધુતા એ જ સત્સંગને, સંસ્થાને નવખંડ ધરા પર, દરિયા પાર પહોંચાડ્યો. (પ્રસંગો) **(અથવા)**

૧. **B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય : સેવા**

**૧.** બોચાસણવાસી શ્રીઅક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ જગતમાં અનેરી છાપ ઊભી કરનાર સંસ્થા - આ સંસ્થા અનેરી એટલે કે નિરાળી કારણ સંસ્થાએ તેની સ્થાપનાના સો વર્ષ પૂરા કરી શતાબ્દી ઉજવીને વિકાસની મંજિલ તરફ ઝડપી આગેકૂચ કરી રહી છે. **૨.** આ સંસ્થાના પાયામાં તેમજ પ્રગતિના શિખરો સર કરવામાં અનેક પરિબળો - તેમાંનું એક અગત્યનું પરિબળ સેવા - સેવાના ઇશ્કી ઇષ્ટદેવ શ્રીજીમહારાજ સ્વયં - તેમના પગલે અક્ષરબ્રહ્મ તેમજ ગુરુપરંપરા - આ સર્વે સેવાના ભેખધારી તેમના પગલે સંતો, હરિભક્તો, કાર્યકરો પણ - સેવામાં ટૂકટૂક (પ્રસંગો) **૩.** સેવા તને કરીને એટલે દેહથી - યોગીજી મહારાજ સેવાનું મૂર્તિમાન સ્વરૂપ - દેહનો સંપૂર્ણ અનાદર સેવા માટે - ત્રણે અવસ્થામાં સેવા જ મુખ્ય - સેવાના જ વિચારો (પ્રસંગો) **૪.** ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજમાં પણ સેવાની અદમ્ય ઝંખના દેહે કરીને ગજા બહારની સેવા સાથે સાથે મને કરીને પોતાના ઈષ્ટદેવ તેમજ અક્ષરબ્રહ્મને નિર્દોષ જાણ્યા - અક્ષરબ્રહ્મનું સ્વરૂપ ઓળખાવીને મને કરીને સેવાનો આદર્શ સ્થાપી દીધો - મંદિરો - શુદ્ધ ઉપાસનાના સમજાવીને અક્ષરની વાટ વહેતી કરીને વચનની સેવાનો આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું - મોટા પુરુષને નિર્દોષ જાણીને સેવા કરી - પ્રસંગો. **૫.** વર્તમાનકાળે સ્વામીશ્રી પ્રમુખસ્વામી મહારાજે પણ સેવાની આહ્લેક જગાવી. તન-મનથી સેવા. સંસ્થા માટે, ઈષ્ટદેવ માટે, ગુરુ માટે, શું ન થાય ? હું શું કરી નાખું એવી ભાવનાની પરાકાષ્ટા - અવિરત વિચરણ દેહે કરીને સેવા ભીડો - સંતો હરિભક્તો માટે રાત-દિવસ જોયા વગર વિચરણ - સેવામાં ગળાડૂબ નહિ પણ નખથી શિખા પર્યંત સેવામાં ડૂબેલ છે. બાથરૂમ-સંડાસ સાફ કરવા, દાતણની ચીરીઓ ઉપાડવા જેવી નીચામાં નીચી સેવા પણ ગુરુ પદના ઉચ્ચ શિખર પર હોવા છતાં ખચકાટ વગર કરવી એ B.A.P.S. ની પ્રગતિનું રહસ્ય ગુરુ દ્વારા થતી સેવા (અન્ય પ્રસંગો) **૬.** જેના ગુરુ આ રીતે વર્તે તેમના શિષ્યો પણ તેમના જેમ જ વર્તે - સ્વામીશ્રીની ગુરુની આજ્ઞા થતાં નાની મોટી દરેક પ્રકારની સેવામાં સંતો, હરિભક્તો, કાર્યકરો કટિબદ્ધ. હરિભક્તોએ તન, મન, ધનથી સેવા કરી સમૈયા શોભાવ્યા, સંતોએ દેહે કરીને, મને કરીને સેવા કરીને ગુરુનો પડતો બોલ ઝીલીને, અદ્ધર વચન ઝીલીને સંસ્થાનું નામ રોશન કર્યું. આમ, સેવાથી જ સંસ્થા - આ જ world best પ્રગતિનું રહસ્ય. **૭.** ઉપસંહાર

૨. **યોગીજી મહારાજ, આપણે સૌ અને માનસિક તાણ :** ૧. ઊંટના બેસણા જેવો વ્યવહાર - યોગીજી મહારાજનું જીવન. ૨. આપણને માનસિક તાણ કે સ્ટ્રેસ કેમ થાય છે ? (૧) ચિંતા - ભય (૨) માન - અહંકાર (૩) દેહભાવ (૪) અવગુણગ્રાહક દૃષ્ટિ (૫) નવરાશ. દરેક મુદ્દાને સ્પષ્ટ કરતાં યોગીજી મહારાજનું જીવન અને આપણી સરખામણી.

૩. **જીવન વિકાસના મૂળમાં : અંતર્દષ્ટિ :** ૧. અંતર્દષ્ટિ એટલે ? આંતરિક દૃષ્ટિ એટલે કે અંતરમાં દૃષ્ટિ કરવી. ૨. આપણી સર્વેની દૃષ્ટિ બહાર તો છે જ - બહારનું જોઈએ છીએ, સાંભળીએ છીએ પણ અંતર તરફ આપણી દૃષ્ટિ થતી નથી. જો આંતરિક દૃષ્ટિ થાય તો આપણો વિકાસ થાય જ. જીવન વિકાસના મૂળમાં જ અંતર્દષ્ટિ છે. ૩. અંતર્દષ્ટિ કરવામાં આવે તો આપણને આપણી ભૂલો દેખાય, અનુભવાય અને ભૂલો જણાય તો તેને સુધારવાનો અવકાશ રહે. (પ્રસંગો, દૃષ્ટાંતો, કહેવતો) ૪. જેણે જેણે અંતર્દષ્ટિ કરી તેનો વિકાસ થયો જ છે. યુદ્ધમાં હાર પામેલ રાજાઓ, નાપાસ થતા વિદ્યાર્થીઓ, ઓછો નફો થાય ત્યારે વેપારીઓ, ઉત્પાદક માલના ઓછું વેચાણ થાય ત્યારે અંતર્દષ્ટિ કરી છે. તેઓ પોતાના ક્ષેત્રમાં આગળ વધ્યા જ છે. (પ્રસંગો) ૫. આ તો થઈ લૌકિક વાત - વ્યવહારુ વાત - પણ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ અંતર્દષ્ટિ કરવી આવશ્યક. ભગવાન ભજવામાં શું નડે છે ? દેહ ક્યાં અંતરાયરૂપ છે ? સ્વભાવ નડે છે ? વિઘ્નો કરે છે ? આળસ છે ? અવગુણ અભાવ આવે છે ? આ અંતરમાં વિચારીએ એટલે કે અંતર્દષ્ટિ કરીએ તો સત્સંગમાં ઉર્ધ્વગતિ થાય. (પ્રસંગો) ૬. આમ અંતર્દષ્ટિ કરવાથી અનેક લાભ - પાછું વળાય (પ્રસંગો) આમ, જીવનમાં દરેક ક્ષેત્રે અંતર્દષ્ટિ કરવાથી જીવનમાં વિકાસ થાય છે, આગળ વધાય છે. માટે જ જીવન વિકાસનું મૂળ અંતર્દષ્ટિ - ઉપસંહાર

❑ ❑ ❑